

# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

સુવિચાર
સમજદાર માણસ
પોતે જ શીખી જાય છે,
અને નાસમજ માણસને
સમય શીખવી દે છે !!

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33 | વર્ષઃ ૦૨ અંક : ૧૮ તા.૦૨.૦૮.૨૦૨૪, શુક્રવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 18 Dt. 02-08-2024, Friday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# SC-ST સબ કેટેગરીની મંજૂરી : બંધારણીય બેન્ચનો મહત્વપૂર્ણ ચુકાદો

**સુપ્રીમ કોર્ટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં ક્વોટાને મંજૂરી આપી દીધી છે.બેન્ચે કહ્યું છે કે રાજ્ય સરકાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વચ્ચે સબ કેટેગરી બનાવી શકે છે, જેથી મૂળ અને જરૂરિયાતમંદ વર્ગોને અનામતનો વધુ લાભ મળે. અગાઉના નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે રાજ્યોને અનામત આપવા માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની સબ-કેટેગરી બનાવવાનો અધિકાર નથી**

નવી દિલ્હી, તા.૧

સુપ્રીમ કોર્ટની ૭ જજોની બંધારણીય પીઠે ગુરુવારે બહુમતથી એક મહત્વનો ચુકાદો આપ્યો હતો જે મુજબ હવે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં કોટામાં પેટા કોટાને મંજૂરી આપવામાં આવી છે. એટલે કે અનામત માટે હવે રાજ્ય સરકારો અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાં સબ કેટેગરી બનાવી શકે છે. બંધારણીય પીઠે ૨૦૦૪માં ઈવી ચિન્નૈયા કેસમાં અપાયેલા ૫ જજોના ચુકાદાને પલટી નાખ્યો છે. આ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે એસસી-એસટી માં સબ કેટેગરી બનાવી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે એસસી/એસટીના કોટામાં કોટા ને યથાવત રાખ્યું છે. ચીફ જસ્ટિસ ડી વાય ચંદ્રચુડે ૬-૧ ના બહુમતથી અપાયેલો આ ચુકાદો વાંચી સંભળાવ્યો હતો જસ્ટિસ બેલા ત્રિવેદીએ બાકી જજોથી અસહમતિ જતાવતા આ વિરુદ્ધ મત આપ્યો. સીજેઆઈએ કહ્યું કે અમે ઈવી ચિન્નૈયા કેસમાં અપાયેલા ચુકાદાને ફગાવી દીધો છે. પેટા વર્ગીકરણ કલમ ૧૪નો ભંગ કરતો નથી. કારણ કે ઉપવર્ગોને યાદી માંથી બહાર રખાયા નથી. ચુકાદો વાંચી સંભળાવતા સીજેઆઈએ કહ્યું કે વર્ગોથી અનુસૂચિત જાતિઓની ઓળખ કરવા માટે ઉપયોગમાં લેવાયેલા માપદંડથી જ ખબર પડે છે કે વર્ગોની અંદર વિવિધતા છે. તેમણે



કહ્યું કે કલમ ૧૫, ૧૬માં એવું કશું જ થી જે રાજ્યને કોઈ જાતિને પેટા વર્ગીકરણ કરતા રોકતા હોય. જો કે સુપ્રીમ કોર્ટે ચુકાદામાં કહ્યું છે કે પેટા વર્ગીકરણનો આધાર રાજ્યો દ્વારા માત્રાત્મક અને પ્રદર્શનયોગ્ય આંકડાઓ દ્વારા યોગ્ય ઠેરવવા જોઈએ, તેઓ પોતાની મરજીથી કામ કરી શકે નહીં.જસ્ટિસ બીઆર ગવઈએ કહ્યું કે ગ્રાઉન્ડ હકીકતથી ઈનકાર કરી શકાય નહીં. એસસી/એસટીની અંદર એવી કેટેગરીઓ છે જેમણે સદીઓથી ઉત્પીડનનો સામનો કરવો પડ્યો છે. તેમણે કહ્યું કે પેટા વર્ગીકરણનો આધાર એ છે કે મોટા સમૂહના એક સમૂહે વધુ ભેદભાવનો સામનો કરવો પડે છે. જસ્ટિસ ગવઈએ ચુકાદામાં જણાવ્યું કે પેટા વર્ગીકરણની મંજૂરી આપતી વખતે રાજ્ય ફક્ત એક પેટા વર્ગ માટે ૧૦૦% અનામત રાખી શકે નહીં. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની અંદર પેટા વર્ગીકરણની મંજૂરી આપી દીધી છે. એટલે કે તેના દાયરામાં આવતી જાતિઓની અલગ અલગ કેટેગરી બનાવી શકાશે. સિલેક્ટેડ કેટેગરીની જાતિઓને નિર્ધારિત મર્યાદાની અંદર વધુ અનામત મળશે. દાખલા તરીકે કોઈ રાજ્યમાં ૧૫૦ જાતિઓ જીઝ્રર કેટેગરીમાં આવે છે, રાજ્ય સરકાર ઈચ્છે તો તેની અલગ અલગ કેટેગરી બનાવીને તેમને અનામતમાં વેઈટેજ આપી શકે છે.આખા મામલાની વાત કરીએ તો ૧૯૭૫માં પંજાબ સરકારે અનામત સીટોને બે કેટેગરીમાં વિભાજિત કરીને SC માટે અનામતની નીતિ રજૂ કરી હતી. એક વાલ્મિકી અને મજહબી શીખો માટે અને બીજી બાકી અનુસૂચિત જાતિ માટે. ૩૦ વર્ષ સુધી આ નિયમ લાગુ રહ્યો. તેના પછી ૨૦૦૬માં આ મામલો પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ પહોંચ્યો અને ઈવી ચિન્નૈયા વિરુદ્ધ આંધ્રપ્રદેશ રાજ્ય મામલે સુપ્રીમકોર્ટના ૨૦૦૪ના ચુકાદાનો હવાલો આપ્યો હતો. પંજાબ સરકારને ઝટકો લાગ્યો અને આ નીતિને રદ કરી દેવામાં આવી. ચુકાદામાં કહ્યું હતું કે એસસી કેટેગરી હેઠળ સબ કેટેગરીની મંજૂરી નથી કેમ કે આ સમાનતાના અધિકારોનું ઉલ્લંઘન છે. તેમ જણાવ્યુ હતુ જો કે હવે સુપ્રીમ કોર્ટના પાંચ જજોના ચુકાદાને પલટી નાખવામાં આવ્યો છે. આજે રાષ્ટ્રીય ચેનલ તથા ટ્વીટર પર આ મુદ્દો ચર્ચામાં રહ્યો હતો.

## બદલો લેવા ઈરાનનો ઈઝરાયેલ પર જવાબી હુમલાનો આદેશ

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીએ હમાસના નેતા ઈસ્માઈલ હાનિયાની હત્યાનો બદલો લેવા ઈરાનને ઈઝરાયેલ પર સીધો હુમલો કરવાનો આદેશ જારી કર્યો છે. ઈરાનના ત્રણ અધિકારીઓએ આ માહિતી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, બુધવારે ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલની ઈમરજન્સી બેઠકમાં ખામેનીએ આ આદેશ આપ્યો હતો. હમાસના એક નેતા અને તેના એક અંગરક્ષક બુધવારે સવારે એક હવાઈ હુમલામાં માર્યા ગયા હતા જે એક બિલ્ડિંગને અથડાયા હતા જ્યાં તેઓ રોકાયા હતા. મંગળવારે, હાનિયા ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશ્કિયનના શપથ ગ્રહણ સમારોહમાં ભાગ લેવા તેહરાનમાં હતી. હમાસે આ હુમલા માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું છે. જો કે હજુ સુધી કોઈએ હુમલાની જવાબદારી લીધી નથી, પરંતુ શંકા ઈઝરાયેલ પર છે. ઈઝરાયેલે હાનિયાના મૃત્યુ અંગે કોઈ ટિપ્પણી કરી નથી, પરંતુ ઈઝરાયેલના હેરિટેજ અફેર્સ મિનિસ્ટર અમીચાય ઈલિયાહુએ હત્યા અંગે આનંદ વ્યક્ત કર્યો હતો. હમાસના વડાની હત્યાથી પશ્ચિમ એશિયામાં તણાવ વધવાની ધારણા છે, તેમજ ગાઝામાં યુદ્ધવિરામના પ્રયાસોને ફટકો પડશે. ઈઝરાયેલનો વિદેશમાં દુશ્મનોને મારવાનો લાંબો ઈતિહાસ છે. હમાસના વરિષ્ઠ અધિકારી સામી અબુ ઝુહરીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈઝરાયલી કબજા દ્વારા હાનિયાની હત્યા હમાસની ઈચ્છાને તોડવાનો એક ગંભીર હુમલો છે. ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખમેનીએ કહ્યું છે કે હુમલો ઈરાનમાં થયો છે, તેથી જવાબ આપવાની જવાબદારી ઈરાનની છે. રાષ્ટ્રને સંબોધતા નેતન્યાહુએ કહ્યું કે ઈઝરાયલના નાગરિકો, પડકારજનક દિવસો આવી રહ્યા છે.

## શ્રીકૃષ્ણ જન્મભૂમિ કેસમાં હાઈકોર્ટ તરફથી મુસ્લિમ પક્ષને ઝટકો

મથુરાના શ્રી કૃષ્ણ જન્મભૂમિ કેસમાં કાનુનીસ્તરે હિન્દુ પક્ષને મોટી જીત મળી છે. અલ્હાબાદ હાઈકોર્ટે શાહી ઈદગાહ મસ્જિદ ટ્રસ્ટના ઓર્ડર ૭ નિયમ-૧૧ની અરજીને ફગાવી દીધી છે. જસ્ટિસ મયંક કુમાર જૈનની સિંગલ બેન્ચે આ ચુકાદો આપ્યો છે. સીપીસીના ઓર્ડર ૭ નિયમ ૧૧ હેઠળ મુસ્લિમ પક્ષ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આ નિર્ણય આવ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટે હિંદુ પક્ષની અરજીને સુનાવણી માટે યોગ્ય ગણી છે. હવે સમગ્ર મામલામાં ટ્રાયલ ચાલશે. કોર્ટના નિર્ણયનો અર્થ એ છે કે હિંદુ પક્ષની અરજીઓ પર કોર્ટમાં સુનાવણી થઈ શકે છે. હિન્દુ પક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા જાળવણીના પ્રશ્ન ઉપર મુસ્લિમ પક્ષ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને હાઈકોર્ટે ફગાવી દીધી હતી. અગાઉ ૬ જૂને સુનાવણી પૂરી થયા બાદ હાઈકોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. શ્રી કૃષ્ણ જન્મભૂમિ અને મથુરાની શાહી ઈદગાહ સંબંધિત કુલ ૧૫ અરજીઓ પર કોર્ટનો ચુકાદો આવ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટે શાહી ઈદગાહ મસ્જિદ કમિટી અને સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડ દ્વારા મથુરાના ભગવાન શ્રી કૃષ્ણ વિરાજમાન કટરા કેશવ દેવ અને અન્ય સાત લોકો દ્વારા દાખલ કરાયેલ સિવિલ દાવોની જાળવણી અંગે સીપીસીના આદેશ ૭ નિયમ ૧૧ હેઠળ દાખલ કરાયેલી અરજીઓ પર સુનાવણી કરી ચુકાદો હિંદુ પક્ષ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓમાં દાવો કરવામાં આવ્યો હતો કે કટરા કેશવ દેવ મંદિરની ૧૩.૩૭ એકર જમીન પર મસ્જિદનું નિર્માણ કરવામાં આવ્યું છે.૧૪ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ, અલ્હાબાદ હાઈકોર્ટે મથુરામાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ મંદિરની બાજુમાં આવેલી શાહી ઈદગાહ મસ્જિદ સંકુલના કોર્ટ દ્વારા દેખરેખ હેઠળના સર્વેક્ષણ માટે એડવોકેટ કમિશનની રચનાની માંગ કરતી અરજી સ્વીકારી હતી.

## કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૬.૫૦ રૂપિયાનો વધારો

બજેટ બાદ એક ઓગસ્ટથી જ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો જોવા મળ્યો છે. ભાવમાં આ વધારો કોમર્શિયલ ગેસ સિલિન્ડરના રેટમાં થયો છે. ઓઈલ કંપનીઓએ જુલાઈના પહેલા દિવસે એટલે કે ૧ જુલાઈના રોજ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૩૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો પરંતુ હવે આજથી એટલે કે ૧ ઓગસ્ટથી સિલિન્ડરના ભાવ વધ્યા છે. ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૬.૫૦ રૂપિયાનો વધારો કર્યો છે. આ સાથેજ હવે દિલ્હીમાં ભાવ ૧૬૪૬ રૂપિયાથી વધીને ૧૬૫૨.૫૦ રૂપિયા થઈ ગયો છે. આ અગાઉ ૩૧ જુલાઈ સુધી ૧૯ કિલોવાળા કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૧૬૪૬ રૂપિયા હતો. ચારેય મહાનગરમાં આ ભાવવધારો જોવા મળ્યો છે. કોલકાતામાં જે સિલિન્ડર પહેલા ૧૭૫૬ રૂપિયામાં મળતો હતો તે હવે આજથી ૧૭૬૪.૫૦ રૂપિયામાં મળશે. મુંબઈમાં ભાવ ૧૫૯૮ રૂપિયાથી વધીને ૧૬૦૫ રૂપિયા થઈ ગયો છે. એ જ રીતે ચેન્નાઈમાં આ સિલિન્ડર માટે પહેલા ૧૮૦૯.૫૦ રૂપિયા ચૂકવવા પડતા હતા અને આજથી હવે ૧૮૧૭ રૂપિયા આપવા પડશે. કંપનીઓએ કોલકાતામાં સૌથી વધુ ૮.૫૦ રૂપિયાનો વધારો કર્યો છે. બીજી બાજુ કંપનીઓએ ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કર્યો નથી.

# વાયનાડ બાદ હવે હિમાચલમાં આભ ફાટ્યું ! અનેકના મોત, કેટલાય ફસાયા

હિમાચલના મંડી અને કુલ્લુમાં વાદળ ફાટવાને કારણે ભારે નુકસાન થયું છે અનેક લોકો લાપત્તા બન્યા છે અત્યાર સુધી સાત લોકોના મોત થયાં હોવાના અહેવાલો છે મંડી જિલ્લાના રાજવન ગામમાં મોડી રાત્રે વાદળ ફાટવાને કારણે તબાહી મચી ગઈ છે.પાણીના જોરદાર પ્રવાહથી અનેક ઘરો ઘરાશાયી થયા છે. આ ઘટનામાં ૧૫ના મોત થયા છે. જ્યારે ૧૦થી વધુ લોકો ગુમ થયાના અહેવાલ છે. અંતરિયાળ વિસ્તારને કારણે પંચાયતના પ્રતિનિધિઓ અને અધિકારીઓનો સંપર્ક કરી શકતું નથી. મોબાઈલ સેવા તથા માર્ગો પણ સંપૂર્ણપણે બંધ થઈ ગયા છે. નોંધનીય છે કે, મંડી બેઠકથી કંગના રણૌત ભાજપના સાંસદ છે. મંડીના ડેપ્યુટી કમિશનર અપૂર્વ દેવગને જણાવ્યું હતું કે રાહત અને બચાવ કામગીરી માટે એનડીઆરએફ ,એસડીઆરએફ અને એરફોર્સની મદદ લેવામાં આવી રહી છે રાત્રે રાજવન ગામમાં ગાજવીજ વચ્ચે જોરદાર ધડાકો થયો હતો. થોડી જ વારમાં સર્વત્ર પાણી જ પાણી થઈ ગયું. માહિતી મળતાં વહીવટી તંત્ર રાત્રીમાં જ સંપૂર્ણ સક્રિય બની ગયું હતું. જિલ્લા વહીવટી તંત્રે દ્વારા શૈક્ષણિક સંસ્થાઓમાં આજે રજા જાહેર કરી છે. ભૂસ્ખલનને કારણે પઠાણકોટ મંડી નેશનલ હાઈવે પણ સ્થળોએ બ્લોક થઈ ગયો છે. અહીં વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે કેદારનાથમાં ભયાનક ભૂસ્ખલનની ઘટના બાદ કુલ્લુમાં પણ આભ ફાટવાં અને ભયાનક ભૂસ્ખલન થયાની ઘટના સામે આવી છે. જેના લીધે વિનાશના દશ્યો સર્જાયા છે. સૌથી વધુ નુકસાન અહીં નિરમંડ ઉપમંડલના બાગીપુલ વિસ્તાર થયું હતું. અહીં લગભગ ૯ જેટલાં મકાન ભૂસ્ખલનની લપેટમાં આવી ગયા હતા. જેના લીધે એક આખો પરિવાર એટલે કે ચાર લોકો મકાન સહિત ભૂસ્ખલનમાં વહી ગયા હતા.સૌથી વધુ નુકસાન અહીં નિરમંડ ઉપમંડલના બાગીપુલ વિસ્તાર થયું હતું. અહીં લગભગ ૯ જેટલાં મકાન ભૂસ્ખલનની લપેટમાં આવી ગયા હતા. જેના લીધે એક આખો પરિવાર એટલે કે ચાર લોકો મકાન સહિત ભૂસ્ખલનમાં વહી ગયા હતા.આ મકાનમાં નેપાળના ચાર લોકો પણ રહેતા હતા તેમની પણ કોઈ ભાળ મળી રહી નથી. એવામાં એવી અનેક જગ્યાઓ છે જ્યાં ઘણાં લોકો આ ભૂસ્ખલનની લપેટમાં આવ્યા હોય જેમને શોધવાના પ્રયાસો હાથ ધરાયા છે. આભ ફાટવાની સ્થિતિને કારણે કુલ્લુમાં આવેલા મલાણામાં ડેમમાં ભારે પૂરની સ્થિતિ સર્જાઈ હતી.સરકારે હરિદ્વાર અને ઋષિકેશમાં ચારધામ યાત્રાનું રજીસ્ટ્રેશન ગુરુવાર માટે મુલતવી રાખ્યું છે. સાત જિલ્લાની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી.ઉત્તરાખંડમાં છેલ્લા ૨૪ કલાકથી સતત ભારે વરસાદ ચાલુ છે, જેના કારણે પહાડો થી માંડીને મેદાનો સુધી માત્ર પાણી જ દેખાય છે. અહીં અત્યાર સુધી વરસાદના કહેરથી ૮ લોકોના મોત થયા છે.

## વાયનાડમાં મોતનો આંકડો ૨૭૬

કોંગ્રેસના નેતા અને વાયનાડના પૂર્વ સાંસદ રાહુલ ગાંધી અને તેમની બહેન અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા આજે કેરળ પહોંચ્યા હતા. બંને નેતાઓ વાયનાડ જિલ્લાના ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોમાં સ્થાપિત વિવિધ રાહત શિબિરોની મુલાકાત લીધી હતી અને અસરગ્રસ્ત પરિવારોને મળી શાંત્વના પાઠવી હતી અહીં ભૂસ્ખલનને કારણે ચાર ગામો સંપૂર્ણપણે નાશ પામ્યા છે અને અત્યાર સુધીમાં ૨૫૬ લોકોના મોત થયા છે. રાહુલ ગાંધી અને પ્રિયંકા વાડ્રા સવારે ૯.૩૦ વાગ્યે કન્નુર એર પોર્ટ પર ઉતર્યા અને પછી રોડ માર્ગે વાયનાડ પહોંચ્યા.પાર્ટીનામહાસચિવઅનેઅલપ્પુઝાના સાંસદ કેસી વેણુ ગોપાલ પણ તેમની સાથે હતાં કોંગ્રેસ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ઉત્તરાખંડ આપદા પર પણ



દુઃખ વ્યક્ત કર્યું છે. ઉત્તરાખંડમાં અત્યારે કુદરતનો કહેર વરતાયો છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે નદીઓમાં પૂર આવ્યા છે અને ભૂસ્ખલનની ઘટનાઓ બની રહી છે. તેમણે એક ટવીટ કર્યું જેમાં વહીવટીતંત્રને મદદની અપીલ કરી છે. ટવીટમાં તેમણે લખ્યુ કે હું શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. હું તમામ શ્રદ્ધાળુઓ અને સ્થાનિક નાગરિકોની સુરક્ષાની પણ આશા રાખું છું. કોંગ્રેસના તમામ નેતાઓ અને કાર્યકરોને રાહત અને બચાવ કાર્યમાં વહીવટીતંત્રને શક્ય તમામ મદદ કરવા વિનંતી છે. દુઃખની આ ઘડીમાં મારી સંવેદના તમામ પીડિત પરિવારો સાથે છે.રાહુલ અને પ્રિયંકા ચુરલમાલા ભૂસ્ખલન સ્થળ તેમજ સામુદાયિક આરોગ્ય કેન્દ્ર, ડૉ. મૂપેન મેડિકલ કોલેજ અને મેપ્પડી ખાતેના બે રાહત શિબિરની મુલાકાત લીધી હતી

વાયનાડથી આવી રહેલી તસવીરો ત્યાંની તબાહીની કહાની કહી રહી છે. આ તસવીરોએ માત્ર કેરળ જ નહીં પરંતુ સમગ્ર દેશને હચમચાવી દીધો છે. વાસ્તવમાં, સોમવાર-મંગળવારની વચ્ચેની રાત્રે વાયનાડમાં ભારે વરસાદ એક આફત બની ગયો. સવારે ૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યાની વચ્ચે ત્રણ વખત ભૂસ્ખલન થયું હતું.

# કચ્છ પોલીસ જે કિસ્સામાં તપાસ કરે છે, તે મહાદેવ સટા એપ હજુ પણ ચાલુ

**છત્તીસગઢ ઈકોનોમિક ઓફેન્સ વિંગે કોર્ટમાં દાખલ કરાયેલી ચાર્જશીટમાં દાવો કર્યો હતો કે એપના માલિકોને પ્રભાવશાળી રાજકીય હસ્તીઓનું રક્ષણ મળી રહ્યુ છે. કરોડો રૂપીયાની હેરફેર મામલે ઘણા પોલીસ, વહીવટી અધિકારીઓ અને પ્રભાવશાળી નેતાઓએ તેમના હોદ્દાનો દુરુપયોગ કર્યો**

છત્તીસગઢ ઈકોનોમિક ઓફેન્સ વિંગે કોર્ટમાં દાખલ કરાયેલી ચાર્જશીટમાં દાવો કર્યો હતો કે મહાદેવ સટા એપ હજુ પણ કામ કરી રહી છે. ચાર્જશીટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મહાદેવ બુક એપના માલિકોને પોલીસ, વહીવટી અધિકારીઓ અને અનેક પ્રભાવશાળી રાજકીય હસ્તીઓનું રક્ષણ હતું.તેમના પ્રભાવનો ઉપયોગ કરીને, તેઓએ ગેરકાયદેસર સટ્ટાબાજીને લગતી પ્રવૃત્તિઓ ચાલુ રાખી અને કાનૂની કાર્યવાહી ટાળી જુલાઈના રોજ દાખલ કરાયેલ ચાર્જશીટમાં, ઈડી એ એવો પણ દાવો કર્યો હતો કે ૨૦૨૦ માં લોકડાઉનથી, પ્રમોટર્સે ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટાબાજીથી દર મહિને આશરે ૪૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ઈઓડબ્લ્યુએ ૩ માર્ચ, ૨૦૨૪ ના રોજ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, છત્તીસગઢ જુગાર (પ્રતિબંધ) અધિનિયમ અને જાહેર જુગાર અધિનિયમની વિવિધ કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. કોઈપણ નેતાનું નામ લીધા વિના,ઈઓડબ્લ્યુએ ચાર્જશીટમાં જણાવ્યું હતું કે,'ગેર-કાયદેસર નાણાં એકત્ર કરવા અને વહેંચવાનું કામ હવાલા ઓપરેટરો દ્વારા કરવામાં આવી રહ્યું હતું. અને પોલીસ-વહીવટી અધિકારીઓ પ્રોટેક્શન મનીના વિતરણમાં સામેલ હતા.'ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને હવાલા ઓપરેટરો દ્વારા પ્રોટેક્શન મની આપવામાં આવી હતી. તે પ્રભાવશાળી રાજકીય હસ્તીઓ સુધી પણ પહોંચ્યો હતો. ઈઓડબ્લ્યુઓએ કહ્યું, 'ઘણા પોલીસ, વહીવટી અધિકારીઓ અને પ્રભાવશાળી નેતાઓએ તેમના હોદ્દાનો દુરુપયોગ કર્યો અને ગેરકાયદેસર નાણાં અને સંપત્તિ મેળવી.'મહાદેવ બુક એપના પ્રમોટરો —રવિ ઉપ્પલ, શુભમ સોની, સૌરભ ચંદ્રાકર અને અનિલ કુમાર અગ્રવાલ સામે લાઈવ ગેમ્સ દ્વારા ગેર-કાયદેસર સટ્ટાબાજીના આરોપો દાખલ કરવામાં આવ્યા છે.તપાસ એજન્સીનું કહેવું છે કે ઓફલાઈન સટ્ટાબાજીની જગ્યાએ તેઓએ ઓનલાઈન પ્લેટફોર્મ બનાવ્યું હતું. વોટ્સએપ, ફેસબુક, ટેલિગ્રામ અને અન્ય વેબસાઈટની પણ મદદ લેવામાં આવી રહી હતી.. મહાદેવ બુક ઉપરાંત તેના પ્રમોટર્સે રેડ્ડી અન્ના અને ફેર પ્લે જેવા ઓનલાઈન સટ્ટાબાજીના પ્લેટફોર્મ પણ બનાવ્યા હતા. હાલમાં સમગ્ર વિશ્વમાં મહાદેવ બુક એપની ૩૫૦૦-૪૦૦૦ પેનલ/શાખાઓ છે.તાજેતરમાંજ કચ્છ પોલીસે મહાદેવ એપના પ્રમોટર સાથે સંકળાયેલ એક વ્યક્તિની પકડી મહત્વની સફળતા મેળવી હતી.

## જમ્મુ-કાશ્મીરના સાંબામાં પાકિસ્તાની ઘૂસણખોરને ઠાર મરાયો

નવી દિલ્હી, તા.૧

જમ્મુ-કાશ્મીરના સાંબા સેક્ટર માં આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાન દ્વારા ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જોકે, પહેલાથી જ સતર્ક ભારતીય બોર્ડર સિક્યોરિટી ફોર્સના જવાનોએ ઘૂસણખોરીના આ પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. મળતી માહિતી મુજબ જમ્મુના સાંબા સેક્ટરમાં BSFએ એક પાકિસ્તાની ઘૂસણખોરને ઠાર માર્યો છે. તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક મહિનામાં જમ્મુ-કાશ્મીર માં પાકિસ્તાન દ્વારા ઘૂસણખોરીના પ્રયાસોમાં ભારે વધારો થયો છે. માહિતી અનુસાર, ૩૧જુલાઈ/૦૧ ઓગસ્ટ ૨૦૨૪ ની મધ્યરાત્રિ દરમિયાન, એલર્ટ બીએસએફ જવાનોએ સાંબા સેક્ટર માં સરહદ નજીક શંકાસ્પદ ગતિવિધિ ધ્યાનમાં લીધી હતી.બીએસએફે જોયું કે એક ઘૂસણખોર વાડ તરફ આગળ વધી રહ્યો છે. બીએસએફ ના જવાનોએ ઘૂસણખોરને ઠાર માર્યો અને ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. બીજી તરફ ભારતીય સેનાની રાષ્ટ્રીય રાઈફલ્સના રોમિયો ફોર્સે હિઝબુલ મુજાહિદ્દીનના આતંકવાદીઓના સહયોગી મોહમ્મદ ખલીલને પૂંચના મગનારમાં પકડી લીધો છે. તે પોલીસ કસ્ટડીમાં છે અને વધુ કડીઓ માટે તપાસ ચાલી રહી છે. મોહમ્મદ ખલીલ પાસેથી વિદેશી પિસ્તોલ મળી આવી છે. એક સક્રિય પાક વોટ્સએપ નંબર ટ્રેસ કરવામાં આવ્યો છે જેના દ્વારા એક હેન્ડલર તેને કામે રાખતો હતો. ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસની રોમિયો ફોર્સે રાજૌરી સેક્ટરના કાલાકોટ વિસ્તારમાં એક બેઝ પર સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. અહીંથી એક હંગેરિયન એકે ૬૩ડી હથિયાર મળી આવ્યું છે. સુરક્ષા અધિકારીએ કહ્યું કે ઘુસણખોર ભારત-પાકિસ્તાન સરહદની ઝીરો લાઈન પાર કરી રહ્યો આ સાથે અન્ય કાર્યવાહીમાં પુંછમાં હિઝબુલ મુજાહિદ્દીનના આતંકવાદીની ધરપકડ કરી છે.

# ઓલિમ્પિકમાં શૂટર સ્વપ્રિલે બ્રોન્ઝ જીત્યો

**પેરિસ ઓલિમ્પિકમાં ભારતે ત્રીજો મેડલ જીત્યો છે. રાઈફલ થ્રી પોઝિશનની મેન્સ કેટેગરીમાં સ્વપ્રિલ કુસાલેએ ભારતને બ્રોન્ઝ અપાવ્યો છે. ભારતના છેલ્લા બે મેડલ પણ શૂટિંગમાંજ આવ્યા હતા.વડાપ્રધાન સહિતનાની શુભેચ્છા**

પેરિસ, તા.૧

ભારતના સ્વપ્રિલ કુસાલેએ કમાલ કરી બતાવી છે. તેણે શૂટિંગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. સ્વપ્રીલે ૫૦ મીટર રાઈફલ ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેનો કુલ સ્કોર ૪૫૧.૪ હતો. સ્વપ્રિલ કુસાલે પહેલા મનુ ભાકર અને સરબજોત સિંહે પેરિસ ગેમ્સમાં મેડલ જીત્યા હતા. ઓલિમ્પિક ઈતિહાસની વાત કરીએ તો, સ્વપ્રિલ મેડલ જીતનાર સાતમો ભારતીય શૂટર છે.

ચીનના લિયુ યુકુન ટોપ પર રહ્યો હતો. તેનો સ્કોર ૪૬૩.૬ હતો. જ્યારે યુક્રેનની કુલિસ સેરહી બીજા ક્રમે રહી હતી. ભારતના સ્વપ્રિલ કુસાલે ઈતિહાસ રચ્યો છે. સ્વપ્રીલે પુરુષોની ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશન શૂટિંગ માં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પ્રથમ વખત કોઈ ભારતીય શૂટરે ઓલિમ્પિક ની ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશન ઈવેન્ટમાં મેડલ જીત્યો છે. વર્તમાન ઓલિમ્પિક ગેમ્સમાં ભારતનો આ ત્રીજો મેડલ હતો. આ પહેલા ભારતના છેલ્લા બે મેડલ પણ શૂટિંગમાં આવ્યા



હતા.

બુધવારે ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશન શૂટિંગના ક્વોલિફિકેશન રાઉન્ડ રમાયા હતા. ભારતીય શૂટર સ્વપ્રિલ કુસલે કુલ ૫૯૦ના સ્કોર સાથે ફાઈનલમાં જગ્યા બનાવી હતી. તેણે નીલિંગમાં ૧૯૮, પ્રોનમાં ૧૯૭ અને સ્ટેન્ડિંગમાં ૧૯૫ સ્કોર કર્યો હતો. ગુરુવારે પણ કુસાલે ભારતની કરોડો અપેક્ષાઓ પર ખરો ઉતરી અને દેશ માટે મેડલ જીત્યો.

એમએસ ધોનીને આઈડલ માનનાર સ્વપ્રિલ કુસાલે ફાઈનલમાં કુલ રહીને નિશાન સાધ્યું. ફાઈનલમાં એક સમયે તે છઠ્ઠા સ્થાને સરકી ગયો હતો. પરંતુ દબાણ હેઠળ નાસીપાસ થવાને બદલે મહારાષ્ટ્રના આ શૂટરે પોતાની રમતને ઉપર ઉઠાવી. તેણે ધીમે ધીમે ટેલીમાં વધારો કરવાનું શરૂ કર્યું. લાંબા સમય સુધી સ્વપ્રિલ પાંચમા નંબર પર અટવાયેલો જોવા મળ્યો હતો. આ પછી તે ચોથા નંબરે આવ્યો અને પછી ત્રીજા નંબરે પહોંચ્યો. તે સમયે એવું લાગતું હતું કે તે સિલ્વર કે ગોલ્ડ મેડલ જીતી શકશે, પરંતુ એવું થયું નહીં.

સ્વપ્રિલ કુસાલેએ ૪૫૧.૪ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ચીનના લિયુ યુક્વાને ૪૬૩.૬ પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. યુદ્ધની ભયાનકતાનો સામનો કરી રહેલી યુક્રેનની શૂટર શેરી કુલિશ (૪૬૧.૩) એ સિલ્વર મેડલ જીત્યો હતો.

પેરિસ ઓલિમ્પિકમાં ભારત માટે પહેલો મેડલ મનુ ભાકરે જીત્યો હતો. તેમણે રવિવારે ૧૦ મીટર એર પિસ્તોલમાં બ્રોન્ઝ જીતીને મેડલ ટેલીમાં ભારતનું ખાતું ખોલ્યું હતું. ત્યારબાદ મનુ ભાકર અને સરબજોત સિંહની જોડીએ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં પણ બ્રોન્ઝ જીત્યો. હવે પેરિસ ઓલિમ્પિક માં મેડલિસ્ટમાં સ્વપ્રિલ કુસાલેનું નામ પણ જોડાઈ ગયું છે.

## ઉદ્ધવે ફડણવીસને વિધાનસભા ચૂંટણી માટે પડકાર્યો

નવી દિલ્હી, તા.૧

ઉદ્ધવે કહ્યું કે આજે મારી પાસે ન તો પાર્ટી છે, ન ચૂંટણી ચિન્હ, ન પૈસા, પરંતુ શિવસૈનિકોની હિંમત અને તાકાતને કારણે હું તેમને પડકાર ફેંકી રહ્યો છું. તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણી માં (ભાજપ માટે) સ્થિતિ એટલી ખરાબ હતી કે વડાપ્રધાન મોદીને પણ પરસેવો વળી ગયો હતો. જો મુંબઈમાં ચૂંટણી છેલ્લા તબક્કા સુધી સ્થગિત કરવામાં આવી હોત તો સ્પર્ધા વધુ મુશ્કેલ બની હોત. શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ PM મોદી અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને આગામી વિધાનસભા ચૂંટણી માટે પડકાર ફેંક્યો છે. પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કરતી વખતે ઉદ્ધવ ઠાકરેએ પીએમ મોદી અને દેવેન્દ્ર ફડણવીસ પર આકરા પ્રહારો કર્યા હતા.ઉદ્ધવે કહ્યું કે આજે મારી પાસે ન તો પાર્ટી છે, ન ચૂંટણી ચિન્હ, ન પૈસા, પરંતુ શિવસૈનિકોની હિંમત અને તાકાતને કારણે હું તેમને પડકાર ફેંકી રહ્યો છું. તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણી માં (ભાજપ માટે) સ્થિતિ એટલી ખરાબ હતી કે વડાપ્રધાન મોદીને પણ પરસેવો વળી ગયો હતો. જો મુંબઈમાં ચૂંટણી છેલ્લા તબક્કા સુધી સ્થગિત કરવામાં આવી હોત તો સ્પર્ધા વધુ મુશ્કેલ બની હોત.ઠાકરેએ કહ્યું કે જો સ્ફછ સત્તામાં આવશે, તો તેઓ MMRDA બંધ કરી દેશે અને ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટને રદ કરી દેશે. ઉદ્ધવે કહ્યું કે શહેર ચલાવવા માટે એકલા BMC પૂરતી છે. ઉદ્ધવે વિધાનસભા ચૂંટણીનું બ્યુગલ વગાડ્યું.તે જ સમયે, રાજ્યના પૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખે દેવેન્દ્ર ફડણવીસનો ઉલ્લેખ કરતા કહ્યું કે કાં તો તમે રાજકારણમાં રહો અથવા હું રહીશ. અનિલ દેશમુખે કહ્યું કે ફડણવીસે મને અને આદિત્ય (ઠાકરે)ને જેલમાં ધકેલી દેવાનું કાવતરું ઘડ્યું હતું. બધું સહન કર્યા પછી પણ હું બહાદુરીથી નિશ્ચય સાથે ઊભો રહ્યો છું, તેથી કાં તો તમે (ફડણવીસ) રાજકારણમાં રહેશો અથવા હું રહીશ. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે પીએમ મોદીએ અહીં ચૂંટણી પ્રચારમાં ઘણો પરસેવો પાડ્યો.

# FILMY ગપશપ

## ‘કન્નપા’માં મધુબાલા ‘પન્નગા’ તરીકે જોવા મળશે

મુંબઈ, તા.૧

પૌરાણિક યુદ્ધ કથા પર આધારિત ફિલ્મ ‘કન્નપા’ થિએટરમાં જોવાના એક વિશિષ્ટ અનુભવ સમાન ફિલ્મ હોવાનો તેના મેકર્સનો દાવો છે. આ ફિલ્મ ડિસેમ્બરમાં રિલીઝ થવા જઈ રહી છે. ત્યારે ફિલ્મના મેકર્સ દ્વારા મધુબાલાનાં પાત્રનું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં મધુબાલા ‘પન્નગા’ના રોલમાં જોવા મળશે. તે એક શક્તિશાળી અને બહાદુર પાત્ર હશે. પન્નગા પોતાના જૂથની નેતા હશે, જે શક્તિ, પ્રતિકાર અને ઉગ્ર જુસ્સાનું પ્રતિક છે. મધુબાલાની આદેશાત્મક હાજરી અને ગંભીર અભિનય આ પૌરાણિક પાત્રને પડદા પર જીવંત કરી દેશે, જે તાકાત અને દૃઢનિશ્ચયની મશાલચી મહિલાનું પાત્ર ફિલ્મ માટે પણ મહત્વનું બની રહેશે. આ દંતકથાત્મક ફિલ્મ ‘કન્નપા’ને મુકેશ કુમાર સિંઘ ડિરેક્ટ કરે છે, તેમજ મંચુનું એવીએ એન્ટરટેઈનમેન્ટ તેમજ ૨૪ ળેમ્સ ફેક્ટરી તેને પ્રોડ્યુસ કરીરહ્યાંછે.આફિલ્મમાંએક્સ્ટેન્સિવવીએફએક્સનો ઉપયોગ થયો છે. ફિલ્મના પોસ્ટ પ્રોડક્શન પર બહુ બારીકાઈથી કામ થઈ રહ્યું છે, જેથી આ ફિલ્મ ઓડિયન્સ માટે એક અનોખો અનુભવ બની રહે. આ ફિલ્મનું ટીઝર રિલીઝ થયું ત્યારથી જ તેણે વિશ્વ સ્તરે લોકોનું ધ્યન ખેંચ્યું છે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં આ ફિલ્મનું ટીઝર લોંચ કરવામાં આવ્યું હતું, જેનાથી ભારતીય દર્શકોમાં ફિલ્મ વિશે આતુરતા વધી ગઈ છે. આ એક ગ્રાઉન્ડ બ્રેકિંગ ઈન્ડિયન ફિલ્મ હોવાનો દાવો થઈ રહ્યો છે, જેમાં ભક્ત કન્નપાની વાર્તા દ્વારા ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસો દર્શાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. ભક્ત કન્નપા તેમની શિવ ભક્તિ માટે જાણીતા હતા. આ ફિલ્મમાં મોહન બાબુ, પ્રભાસ, અક્ષય કુમાર, મોહન લાલ અને કાજલ અગ્રવાલ સહીતના દિગ્ગજ કલાકારો મહત્વના રોલમાં છે. તેમજ આ ફિલ્મ તેલુગુ, તમિલ, મલિયાલમ, કન્નડ, હિન્દી અને અંગ્રેજીમાં રિલીઝ થશે.

## સોનુ સૂદ-જેકલીનની ‘ફતેહ’ જાન્યુઆરીમાં રિલીઝ થશે

મુંબઈ, તા.૧

સોનુ સૂદ બે દાયકાથી ફિલ્મોમાં જોવા મળે છે. મોટા ભાગે સોનુને વિલન અથવા સાઈડ રોલ જ મળ્યાં છે. કોરોના સમયે સોનુ સૂદે અનેક લોકોની મદદ કર્યા બાદ તેની રીયલ લાઈફ ઈમેજ હીરો જેવી થઈ હતી. ત્યારબાદ સોનુને રીલ લાઈફમાં હીરોનો રોલ ઓફર થઈ રહ્યા છે. સોનુ સૂદની હીરો તરીકેની પહેલી હિન્દી ફિલ્મ ‘ફતેહ’ છે. તેમાં સોનુ સાથે લીડ રોલમાં જેકલીન ફર્નાન્ડિઝ છે. આ ફિલ્મને ૧૦ જાન્યુઆરીએ રિલીઝ કરવાનું એલાન થયું છે. સોનુ સૂદે ૩૦ જુલાઈએ ૫૧મો બર્થ ડે સેલિબ્રેટ કર્યો હતો. આ દિવસે તેની આગામી ફિલ્મ ફતેહની રિલીઝ ડેટ પણ જાહેર થઈ હતી. સોનુએ એનાઉન્સમેન્ટ ડેટ સાથે ફિલ્મનું પોસ્ટર શેર કર્યુ હતું, જેમાં તેને દેશની બેસ્ટ એક્શન ફિલ્મ ગણાવવામાં આવી છે. જેકલીને ૧૦મી જાન્યુઆરી યાદ રાખવા અને દેશની અત્યાર સુધીની બેસ્ટ એક્શન ફિલ્મ માટે તૈયાર રહેવા હાકલ કરી હતી અને સોનુને બર્થ ડે વિશ કર્યુ હતું. ફિલ્મના નવા બે પોસ્ટર સોનુના જન્મદિને શેર થયા હતા. એક પોસ્ટરમાં સૂટમાં સજ્જ સોનુના બેકડ્રોપમાં નદીનો પુલ જોવા મળે છે. અન્ય ઈમેજમાં સોનુ અને જેકલીનના ચહેરા પર સસ્પેન્સના એક્સપ્રેશન છે. આ ફિલ્મ દેશની વર્તમાન સ્થિતિ પર આધારિત છે. અત્યારે ચારે તરફ સાઈબર ક્રાઈમના કિસ્સા વધી રહ્યા છે ત્યારે ફિલ્મમાં સાઈબર ક્રાઈમની આંટીઘૂંટી સમજાવવામાં આવી છે.

# આયર્ન મેન હવે વિલન બનશે, માર્વેલ ફેન્સને મોટો આંચકો

મુંબઈ, તા.૧

માર્વેલ ફેન્સ ઘણા સમયથી તેમના ફેવરિટ આયર્નમેનને યાદ કરતાં હતાં અને તે ફરી માર્વેલની દુનિયામાં પાછો ફરે તેની રાહ જોતાં હતાં. ત્યારે હવે આયર્ન મેન બનતાં રોબર્ટ ડાઉની જુનિયરે શનિવારે સેન ડિઆગોના કોમિકોન હોલમાં જાહેર કર્યુ છે કે તે માર્વેલ સિનેમેટિક યુનિવર્સમાં પાછો ફરી રહ્યો છે. આ જાહેરત બાદ માર્વેલ ફેન્સ ખુશ થવાની સાથે આશ્ચર્યચકિત અને અચંબિત વધુ થયા છે, કારણ કે આ વખતે તે આયર્નમેન તરીકે નહીં પરંતુ માર્વેલની દુનિયાના સૌથી જાણીતા વિલન ડૉ.ડૂમ તરીકે પાછો ફરવાનો છે. કોમિકોનની ઈવેન્ટમાં હૂડ પહેરેલાં ફિગર્સથી ભરેલી પેનલ હતી, જેમાં સૌથી કુખ્યાત કોમિક બૂક વિલન, સોર્સરી અને સાયન્સ માટે જાણીતો વિક્ટર વોન ડૂમ પણ હતો. આ રહસ્યમય સેટઅપમાંથી એક ફિગરમાંથી ડાઉની જુનિયર અચાનક પોતાનું હૂડ અને



માસ્ક હટાવીને પ્રગટ થયો હતો, જેનાથી તેના ફેન્સ અતિશય આનંદિત અને ઉત્સાહિત થઈ ગયા હતા. લોકોએ જ્યારે આયર્નમેનના નામના નારા લગાવવા શરૂ કર્યા ત્યારે જવાબમાં તેમણે કહ્યું, “નવું માસ્ક. જૂનું જ કામ. હું તમને શું કહું? મને અઘરા પાત્રો કરવા ગમે છે.” રૂસો બ્રધર્સે પણ રોબર્ટ ડાઉની જુનિયર પાછા ફરે છે તે અંગે તેમનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો અને ભારપૂર્વક કહ્યું કે અમારી પાસે “નવું માસ્ક” હોઈ શકે છે પણ તેનું લક્ષ્ય તો જે હતું એ જ રહેશે, માર્વેલ ટીમ અને તેની સાથે સંકળાયેલાં બધાં જે ફિલ્મના દર્શકો માટે શક્ય તેટલો મહાન અનુભવ સર્જી શકે. આમ માર્વેલ ફેન્સમાં નવા તબક્કાની ફિલ્મો માટે ખૂબ ઉત્સાહ છે. તેઓ આ નવા પાત્રોના યુદ્ધ અને અઘરા પાત્રોની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. જે માર્વેલ ફેન્સ દ્વારા એક્સ પર શેર કરવામાં આવેલી પોસ્ટ પર જોઈ શકાય છે. આ ઉપરાંત રસપ્રદ વાત એ છે કે ડાઉની જુનિયરે ૨૦મી સેન્ચુરીની ફોક્સની ‘ફેન્ટાસ્ટિક ફોર’ માટે તે ટોની સ્ટાર્ક એટલે કે આયર્નમેન બન્યો તે પહેલાં ડોક્ટર ડૂમના પાત્ર માટે ઓડિશન આપ્યું હતું. ક્રિસ્ટોફર નોલાનની ‘ઓપનહાઈમર’માં બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો ઓસ્કાર જીત્યાં બાદ આ ડાઉની જુનિયરનું માર્વેલમાં કમબૅક ગણાશે. કારણ કે ૨૦૧૯માં તેણે આયર્નમેનના પાત્રમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. હવે તેઓ મે ૨૦૨૬માં ‘એવેન્જર્સ ડૂમ્સડે’ અને મે ૨૦૨૭માં ‘એવેન્જર્સ સિક્રેટ વોર્સ’ લઈને આવશે.

## સેન્સર બોર્ડમાં ક્લીયરન્સ અંગે ફરિયાદ બાદ હવે ફિલ્મને UA સર્ટિફિકેટ મળ્યું


મુંબઈ, તા.૧

ડિરેક્ટર નીખિલ અડવાણીની ફિલ્મ ‘વેદા’ હવે તેની પૂર્વનિયત તારીખ, સ્વાતંર્ત્ય દિવસે જ લોકો સુધી પહોંચવા તૈયાર છે, કારણ કે હવે આ ફિલ્મને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનની રિવાઈઝિંગ કમિટી દ્વારા ક્લીયરન્સ મળી ચૂક્યું છે. કમિટીએ ફિલ્મ જોઈ અને ફિલ્મને યુએ રેટિંગ આપ્યું છે, જેથી હવે આ ફિલ્મ મોટી સંખ્યામાં દર્શકો સુધી પહોંચી શકશે. નીખિલ અડવાણીએ પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતાં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે, “હું ખૂબ ખૂબ ખુશ છું, જે રીતે રિવાઈઝિંગ કમિટીએ ફિલ્મની પ્રશંસા કરી અને તેને યુએ સર્ટિફિકેટ માટે પસંદ કરીને તેને બને તેટલાં વધુ ઓડિયન્સ સુધી પહોંચવા સક્ષમ બનાવી છે. હું બહુ જ ખુશ હતો જ્યારે તેમણે ભાર મૂક્યો કે તેઓ “આ બહુ મહત્વની કહાણીને અડ્યા પણ નથી” અને માત્ર અમુક ભાષામાં સુધારા કર્યા હતાં, જેથી તેને યુએ સર્ટિફિકેટ આપી શકાય.” આ અઠવાડિયા પહેલાં ફિલ્મના મેકર્સે રિલીઝ અંગે ચિંતા વ્યક્ત કરીને તેમની સામે સર્ટિફિકેશન બાબતે આવી રહેલાં પડકારો પર સોશિયલ મીડિયા પર ચિંતા



વ્યક્ત કરી હતી. તો આ વખતે પણ ફિલ્મના ડિરેક્ટરે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ફિલ્મની રિલીઝ ડેટ સાચવવાની ચિંતા જાહેર કરી હતી. ‘વેદા’ અસીમ અરોરા દ્વારા લખવામાં આવી છે, જેમાં એક એક યુવતીની સફર છે, જે રોલ શર્વરી વાઘ કરી રહી છે. આ યુવતી રૂઢિવાદી તંત્રનો સામનો કરે છે અને તેની સામે લડત આપે છે. જ્યારે અભિષેક બેનર્જી આ ફિલ્મમાં વિલનના રોલમાં છે. શર્વરીની ન્યાય મેળવવાની સફરમાં જોહ્ન અબ્રાહમ તેની મદદ કરે છે અને તેના માટે હથિયાર બને છે. આ ફિલ્મમાં શર્વરી સાથે તમન્ના ભાટિયા પણ જોવા મળશે અને આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે રિલીઝ થશે.

## ‘બિન્ની એન્ડ ફેમિલી’થી અંજની ધવનનું બોલિવૂડમાં ડેબ્યુ




મુંબઈ, તા.૧

પહેલાં સ્ટાર્સના સંતાનો બોલિવૂડમા આવ્યા અને હવે તેમનાં ભાણાં ભત્રીજા પણ બોલિવૂડમાં ડેબ્યુ કરતા થયાં છે. થોડાં વખત પહેલાં એક ફિલ્મથી હિતિક રોશનની ભત્રીજી પશ્મિના રોશને બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ અને હવે વરૂણ ધવનની ભત્રીજી અંજની ધવન બોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહી છે. તેની ફિલ્મ ‘બિન્ની એન્ડ ફેમિલી’ એક ફેમિલી ડ્રામા છે, જે સંજય ત્રિપાઠી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. અંજની અને પંકજ કપુર સિવાય હિમાની શિવપુરી, રાજેશ કુમાર અને ચારુ શંકર સહિતના કલાકારો જોવા મળશે. અંજની ધવન વરીષ્ઠ કલાકાર એનિલ ઘવનની પૌત્રી અને સિદ્ધાર્થ ધવનની પુત્રી છે. જે ખુશી કપુરની ખાસ દોસ્ત તરીકે પણ જાણીતી છે. તેની આ ફિલ્મ ૩૦ ઓગસ્ટે રિલીઝ થશે.

## અર્જુન રામપાલે કહ્યું ‘છોકરાઓ મૂર્ખ હોય છે, સાબિત થયું

મુંબઈ, તા.૧


અર્જુન રામપાલે મોડલ મેહર જેસિયાથી છૂટાછેડા અંગે ખુલીને વાત કરી છે. અર્જુને ૧૯૯૮માં મેહર સાથે લગ્ન કર્યા હતા. આનાથી તેમને બે દીકરીઓ છે, જેનું નામ માહિકા અને માયરા છે. દંપતીએ ૨૦૧૯ માં છૂટાછેડા લીધા હતા. આ પછી, અર્જુન રામપાલનો સંબંધ મોડલ ગેબ્રિએલા ડેમેટ્રિએડ્સ સાથે શરૂ થયો, જેની સાથે અભિનેતાને હવે એક પુત્ર છે. અભિનેતાએ કહ્યું કે હવે મેહર જેસિયા સાથે તેના સંબંધો ખૂબ જ મજબૂત છે અને તેની બંને પુત્રીઓ મેહર અને ગેબ્રિએલા સારી રીતે ચાલે છે. ધ રણવીર પોડકાસ્ટમાં છૂટાછેડા વિશે વાત કરતી વખતે અર્જુન રામપાલે કહ્યું, ‘કોઈ બીજાને દોષ આપવો એ માનવ સ્વભાવ છે, આવું એટલા માટે થાય છે કારણ કે વસ્તુઓ સારી નથી ચાલી રહી. તમે દુઃખી અને દુઃખી છો. અને જો તમે તમારી અંદર જોઈ શકતા નથી અને સુખ શોધી શકતા નથી, તો વસ્તુઓ તૂટી જશે.




હંસિકા મોટવાણી તેના લુકના કારણે દરરોજ હેડલાઈન્સમાં રહે છે. હવે તેના લેટેસ્ટ ફોટોશૂટમાં અભિનેત્રીએ ઘણા અલગ-અલગ લુક બતાવ્યા છે.બાળ અભિનેત્રી તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર હંસિકાના ચાહકો તેની એક ઝલક જોવા આતુર છે.



ભોજપુરી અભિનેત્રી મોનાલિસાની ગણતરી ઈન્ડસ્ટ્રીની ટોચની અભિનેત્રીઓમાં થાય છે. તે પોતાના ગ્લેમરસ લુકને કારણે હંમેશા લાઈમ લાઈટમાં રહે છે.મોનાલિસા હવે ભોજપુરી સિનેમાથી લઈને ટીવીનો મોટો ચહેરો બની ગઈ છે.મોનાલિસાના ચાહકો દેશભરમાં જોવા મળે છે.



શમા સિકંદરે હાલમાં જ તેની તસવીર શેર કરી છે. શમા સિકંદરની તસવીરો રિલીઝ થતાની સાથે જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ હતી. આ તસવીરોમાં શમા સિકંદર ખૂબ જ સુંદર લાગી રહી છે.



તાપસી પન્નુ પોતાના વિચારોને બિન્દાસ રીતે વ્યક્ત કરે છે. તે કોઈ પણ વિષય પર બોલવામાં અચકાતી નથી. વિક્રાન્તે કહ્યું હતું કે તાપસી તેને સેટ પર ખૂબ ખખડાવતી હતી. એથી એ વાત પર તાપસીએ જણાવ્યું છે કે તેને એવા લોકો પર સમયની બરબાદી નથી કરવી જેમની તેને કાળજી

# SPORTS કોર્નર

## અંશુમન ગાયકવાડનો દેહ પંચમહાભૂતમાં વિલિન : પુત્રએ મુખાગ્નિ આપી

વડોદરા,તા.૧

ધ ગ્રેટ વોલ તરીકે ઓળખાતા ભારતીય ક્રિકેટ ટીમના કોચ અંશુમન દત્તાજીરાવ ગાયકવાડનું વડોદરા ખાતે બુધવારે રાત્રે નિધન થયું હતું. આજે સવારે સેવાસી ખાતેના તેમના નિવાસસ્થાનેથી તેમની અંતિમયાત્રા નીકળી હતી અને રાજવી પરિવારના સ્મશાન કીર્તિ મંદિર ખાતે તેમની શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે અંતિમવિધિ કરાઈ હતી. અગ્નિદાહ આપતી વખતે મિત્રો, સગા-સંબંધીઓ અને હાજર લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. પૂર્વ ક્રિકેટર અંશુમન ગાયકવાડનો દેહ પંચમહાભૂતમાં વિલીન થઈ ગયો છે.

અંશુમનના સાથી પૂર્વ ક્રિકેટર અને બીસીસીઆઈના પ્રેસિડેન્ટ રોજર બિન્ની ઉપરાંત અંશુમનના અન્ય સાથી ખેલાડીઓ એવા પૂર્વ ક્રિકેટરો કિરણ મોરે, નયન મોંગિયા, અતુલ બેદાડેએ ચિતા ઉપર લાકડા મૂકીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. અંતિમયાત્રામાં ઈરફાન પઠાણ અને યુસુફ પઠાણના પિતાએ પણ હાજરી આપી હતી.

આશ્ચર્યની વાત એ છે કે આ



મહાન ક્રિકેટરની અંતિમયાત્રામાં એક પણ વર્તમાન ક્રિકેટર જોડાયો ન હતો. વડોદરાથી માત્ર બે કલાકની હવાઈ મુસાફરીના અંતરે રહેતા સ્ટાર ક્રિકેટરો માંથી એક પણ ક્રિકેટર આજે અંશુમાન ગાયકવાડને શ્રદ્ધાંજલિ આપવા તેમની અંતિમયાત્રામાં સામેલ થયો ન હતો.

તમને જણાવી દઈએ કે ૧૯૮૩ વર્લ્ડ કપના વિજેતા કેપ્ટન કપિલ દેવે પણ અંશુમન ગાયકવાડ માટે આર્થિક મદદ માટે હાથ આગળ વધાર્યો હતો. મોહિંદર અમરનાથ, સુનિલ ગાવસ્કર, સંદીપ પાટીલ, દિલીપ વેંગસરકર, મદનલાલ, રવિ શાસ્ત્રી અને કીર્તિ આઝાદ જેવા પૂર્વ ક્રિકેટરો સાથે મળીને કપિલ દેવે પોતાના બીમાર સાથીની મદદ માટે પૈસા ભેગા કરવાની દિશામાં કામ કર્યું હતું. અંશુમન ગાયકવાડે ૧૯૯૭થી ૨૦૦૦ દરમિયાન બે વખત ભારતીય ટીમના મુખ્ય કોચના રૂપમાં પણ કામ કર્યું હતું. તેમના કોચિંગમાં વર્ષ ૨૦૦૦ની ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમ ઉપવિજેતા બની હતી. જ્યારે તે કોચ હતા, ત્યારે અનિલ કુંબલેએ નવી દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમમાં ટેસ્ટ ઈનિંગમાં ૧૦ વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર બનવાનો રેકોર્ડ પણ બનાવ્યો હતો. ગાયકવાડે ૧૯૯૦ના દાયકમાં નેશનલ સિલેક્ટર્સ અને ભારતીય ક્રિકેટર્સ ઍસોસિયેશનના અધ્યક્ષના રૂપમાં પણ કામ કર્યું હતું.

## ભારત-આફ્રિકા મેચ ફિક્સિંગ, ૨૪ વર્ષ પછી કેસમાં નવો વળાંક

મુંબઇ,તા.૧

સાઉથ આફ્રિકાની ટીમે વર્ષ ૨૦૦૦માં ભારતનો પ્રવાસ કર્યો હતો. બંને દેશો વચ્ચે બે ટેસ્ટ અને પાંચ વનડે મેચ રમાઈ હતી, પરંતુ મેચ ફિક્સિંગ કેસને કારણે આ પ્રવાસ આજ સુધી ચર્ચાનો વિષય બની રહ્યો છે. હવે આ મામલે એક નવું અપડેટ સામે આવ્યું છે.દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે રાજેશ કાલરા, સંજીવ ચાવલા, કૃષ્ણ કુમાર અને સુનીલ દારા વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ નેહા પ્રિયાએ ઔપચારિક રીતે આ લોકો સામે આરોપો સાબિત કર્યા હતા, પરંતુ તેઓએ આરોપોને નકારી કાઢ્યા હતા અને કેસ ચલાવવાનો દાવો કર્યો હતો.

કોર્ટે ૧૪ ઓક્ટોબરે મળેલા પુરાવાના આધારે કેસ આગળ વધારવાની મંજૂરી આપી છે. આ સિવાય કેટલાક સાક્ષીઓને જુબાની આપવા માટે સમન્સ મોકલવામાં આવ્યા હતા. આ મામલામાં સાઉથ આફ્રિકાના ક્રિકેટર હેન્સી ક્રોન્ઝ પણ આરોપી હતા, પરંતુ ૨૦૦૨માં તેમનું અવસાન થયું હતું. બીજો આરોપી મનમોહન ખટ્ટર ફરાર છે. ૧૧ જુલાઈના રોજ કોર્ટે બુકી સંજીવ ચાવલા, ટી સિરીઝના કૃષ્ણ કુમાર અને અન્ય બે વ્યક્તિઓ સહિત ચાર વ્યક્તિઓ વિરુદ્ધ આરોપો ઘડ્યા હતા. એવું પણ કહેવામાં આવ્યું હતું કે આ સમગ્ર મામલાના માસ્ટર માઈન્ડ સંજીવ ચાવલા છે.

વર્ષ ૨૦૦૦માં સાઉથ આફ્રિકાના તત્કાલીન કેપ્ટન હેન્સી ક્રોન્ઝ પર પણ આરોપ લગાવવામાં આવ્યો હતો, પરંતુ તેમના મૃત્યુ બાદ તેમની સામેનો કેસ બંધ કરી દેવામાં આવ્યો હતો. યાદ કરો કે વર્ષ ૨૦૦૦માં દિલ્હી પોલીસે એફઆઈઆર નોંધી હતી, જ્યારે ૨૦૧૩માં ૬ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. કોર્ટે કહ્યું કે તમામ ઘટનાઓ, કોલ રેકોર્ડ, આચરણ અને આસપાસના સંજોગો મિલીભગત દર્શાવે છે. આ તમામ ઘટનાઓ એકબીજા સાથે જોડાયેલી હતી અને આરોપ લગાવવામાં આવ્યો હતો કે રાજેશ કાલરા, કૃષ્ણ કુમાર, સુનીલ દારા અને સંજીવ ચાવલા મળીને મેચ ફિક્સિંગની ઘટનાને અંજામ આપી રહ્યા હતા. સંજીવ ચાવલાને ફિક્સિંગ નો માસ્ટરમાઈન્ડ કહેવામાં આવ્યો છે.

## સનરાઈઝર્સે ૧૨ ખેલાડીઓને જાળવી રાખ્યા છે અને ૭ને છોડ્યા

મુંબઇ,તા.૧

આઈપીએલ ૨૦૨૪માં, સનરાઈઝર્સ હૈદરાબાદ નામથી રમતી ટીમ પેટ કમિન્સની કેપ્ટનશીપ હેઠળ ફાઈનલમાં પહોંચી હતી. SA20 ની બીજી સીઝન એટલે કે ૨૨૦૪ માં, તેની ટીમ સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપે ટ્રોફી જીતી. હવે આ લીગની આગામી સિઝન માટે, ફ્રેન્ચાઈઝીએ ટેમ્બા બાવુમા સહિત ૭ ખેલાડીઓને બહાર કર્યા છે.

સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપે નવી સીઝન માટે જાળવી રાખેલા અને નવા કરારબદ્ધ ખેલાડીઓની સંપૂર્ણ યાદી શેર કરી છે. સનરાઈઝર્સે ૨૦૨૪માં પોતાની ટીમમાં ૧૯ ખેલાડીઓને સાઈન કર્યા હતા. તેઓએ ૧૨ ખેલાડીઓને જાળવી રાખ્યા છે અને ૭ને છોડ્યા છે.

ફ્રેન્ચાઈઝીએ જાહેરાત કરી છે કે ડેવિડ મલાન, ટેમ્બા બાવુમા, ડેનિયલ વોરલ, એડમ રોસિંગ્ટન, અયાબુલા ગકામાને, સરેલ એર્વી અને બ્રેડન કાર્સ હવે આ ટીમનો ભાગ રહેશે નહીં. જોકે, સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપે તેના મોટા ભાગના ખેલાડીઓને જાળવી રાખ્યા છે. તેમાં ૪ એવા ખેલાડી છે, જે ટી ૨૦




વર્લ્ડ કપ ૨૦૨૪માં દક્ષિણ આફ્રિકાની ટીમનો મહત્વનો ભાગ હતા. જેમને જાળવી રાખવામાં આવ્યા છે તેમાં ટીમના કેપ્ટન એડન માર્કરામ, ટ્રિસ્ટિયન સ્ટબ્સ, માર્કો જોન્સન અને ઓટોનિયલ બાર્ટમેનના નામ સામેલ છે.

સનરાઈઝર્સે કાલેબ સેલેકા, એન્ડીલે સિમેલેન, પેટ્રિક ક્રુગર, બેર્સ સ્વાનેપોએલ, ટોમ એબેલ, સિમોન હાર્મર, લિયામ ડોસન અને જોર્ડન હાર્મનને પણ જાળવી રાખ્યા છે.

ફ્રેન્ચાઈઝીએ એસએ૨૦ની આગામી સિઝન માટે ૪ નવા ખેલાડીઓને પણ સાઈન કર્યા છે. જેમાં ડેવિડ બેડિંગહામ, જેક ક્રાઉલી, ક્રેગ ઓવરટોન અને રીલોફ વાન ડેર મર્વેના નામ સામેલ છે. બેડિંગહામે સાઉથ આફ્રિકા તરફથી ટેસ્ટ ડેબ્યૂ કર્યું છે. જ્યારે ક્રાઉલી અને ઓવરટન ઈંગ્લેન્ડ માટે ટેસ્ટ અને વનડે રમી ચૂક્યા છે. આ ત્રણેય ખેલાડીઓ પ્રથમ વખત આ લીગનો ભાગ બનશે, જ્યારે નેધરલેન્ડનો ઓલરાઉન્ડર વેન ડેર મર્વે પ્રથમ સિઝન બાદ આ ટીમમાં વાપસી કરી રહ્યો છે.

એસએ ૨૦ની શરૂઆત ૨૦૨૩માં થઈ હતી અને બીજી સીઝન ૨૦૨૪માં રમાઈ હતી. આ બંને સિઝનમાં સનરાઈઝર્સે ટ્રોફી જીતી હતી. પ્રથમ સિઝન જીત્યા બાદ, ૨૦૨૪માં એડન માર્કરમની કેપ્ટનશીપ હેઠળ ટ્રોફીનો બચાવ કરવામાં આવ્યો હતો. ફાઈનલમાં તેણે ડરબન સુપર જાયન્ટ્સને ૮૯ રનથી હરાવ્યું હતું.

# ચૂંટણી લડવાની ઉંમર ૨૫થી ઘટાડીને ૨૧ વર્ષ કરવામાં આવે

નવી દિલ્હી, તા.૧

આમ આદમ પાર્ટીના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાએ આજે ગુરુવારે કહ્યું કે આજે જે મુદ્દા પર હું બોલવા માંગુ છું તે મારા દિલની નજીક છે. રાજકારણમાં યુવાનોની ભાગીદારી પર બોલતા તેમણે કહ્યું કે ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે. દેશની સરેરાશ ઉંમર માત્ર ૨૯ વર્ષ છે. ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી વયની છે. જ્યારે અડધી વસ્તી ૨૫ વર્ષથી ઓછી વયની છે.

શું આપણા નેતાઓ કે પ્રતિનિધિઓ આટલા યુવાન છે? તમને જાણીને નવાઈ લાગશે કે જ્યારે પહેલી લોકસભાની ચૂંટણી થઈ ત્યારે લોકસભામાં ૨૬ ટકા લોકો ૪૦ વર્ષથી ઓછી ઉંમરના હતા.



૧૭મા લોકસભામાં માત્ર ૧૨ ટકા નેતાઓની ઉંમર ૪૦ વર્ષથી ઓછી હતી. રાઘવ ચઢ્ઢાએ કહ્યું, “જેમ આપણો દેશ યુવાન બની રહ્યો છે, તે જ પ્રમાણમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ યુવાનોથી દૂર જઈ રહ્યા છે. આજે આપણા યુવા દેશને વૃદ્ધ રાજકારણીઓ દ્વારા ચલાવવામાં આવે છે. જ્યારે દેશને યુવા રાજકારણીઓની જરૂર છે.”

તેમણે કહ્યું કે આજે દેશમાં રાજ-કારણને ખરાબ વ્યવસાય માનવામાં આવે છે. માતા-પિતા ઈચ્છે છે કે તેમનો દીકરો એન્જિનિયર, ડૉક્ટર અને સાયન્ટિસ્ટ, ઓફિસર, સ્પોર્ટ્સ પર્સન બને, પરંતુ કોઈ નથી ઈચ્છતું કે તેમનું બાળક રાજકારણી બને. તેમણે સૂચન કર્યું કે દેશમાં ચૂંટણી લડવાની ઉંમર ૨૫ વર્ષ છે. પછી તે લોકસભા હોય કે વિધાનસભા. તમારા દ્વારા હું સરકારને વિનંતી કરવા માંગુ છું કે ઉંમર ૨૫ થી ઘટાડીને ૨૧ વર્ષ કરવામાં આવે. જો ૨૧ વર્ષનો યુવક ચૂંટણી લડવા માંગતો હોય તો તેને મંજૂરી મેળવી જોઈએ. જ્યારે દેશમાં ૧૮ વર્ષનો યુવક સરકાર પસંદ કરી શકે છે તો ૨૧ વર્ષની ઉંમરે ચૂંટણી કેમ ન લડી શકે.

# મહેસાણામાં ખોદકામ દરમ્યાન જૈન ભગવાનની મુર્તિઓ મળી

## કડીના થોળ ગામે ખોદકામ દરમ્યાન મુર્તિ મળી પુરાતન અવશેષો મળી આવતા શહેરના જૈન સમાજ સહિત પુરાતત્વ વિદોમાં આનંદ છવાયો

મહેસાણા,તા.૧

અગાઉ ઈડરીયા ગઢ પરથી નવીન ભવનના ખોદકામ દરમ્યાન અંદાજે ૧૫૦૦ વર્ષ પૂરાણી મૂર્તિઓ મળી આવતા ત્યાં કામ કરી રહેલા લોકો પ્રથમ નજરે અચંબિત થયા હતા. જોકે બાદમાં ભગવાનની મૂર્તિઓ હોવાનું માલુમ થતા કામદારોએ સૌ પ્રથમ પુરાતન ખાતાને તેમજ જૈન અગ્રણીઓને જાણ કરી જણાવતા જૈન આગેવાનોએ આ મૂર્તિઓ જૈન ભગવાનની હોવાનું ઓળખ કર્યું હતુ. ઈડરિયા ગઢ પર જૈન મંદિર પાસે નવીન ભવન માટે ખોદકામ દરમિયાન ૧૫૦૦ વર્ષ પુરાણી જૈન ભગવાન ની મૂર્તિ સહિત કેટલાક પુરાતન અવશેષો મળી આવતા શહેરના જૈન સમાજ સહિત પુરાતત્વ વિદો માં આનંદ છવાયો છે આ અતિ પ્રાચીન મૂર્તિ સહિત અવશેષોને જોવા લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા ઈડરિયા ગઢ પર દિગંબર જૈન મંદિર પાસે નવીન સંત ભવનનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું અહીં રવિવારે સવારે જેસીબી મશીનથી પાયાના ખોદકામ દરમિયાન એક પ્રાચીન મૂર્તિ તથા કેટલાંક પુરાતન અવશેષો જોવા મળતાં સ્થળ પર હાજર કામદારો દ્વારા જૈન સમાજના અગ્રણીઓ ને જાણ કરાઈ હતી.

# રાજ્યમાં ૨૩૩ PSIને PI તરીકે પ્રમોશન આપવામાં આવ્યા

## પોલીસ માટે સૌથી મોટી ખબર : ઘણા સમયથી બિન હથિયારી PSI બઢતીની રાહ જોઈ રહ્યા હતા ડીજી ઓફિસે બઢતીના આદેશ કર્યા હતા

ગાંધીનગર,તા.૧

લોકસભાનીચૂંટણીબાદગુજરાતમાં મોટા ઉલટફેર જોવા મળી રહ્યા છે. ગઈકાલે સાંજે ૧૮ IAS અને ૮ IPS અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. હવે રાજ્યમાં ૨૩૩ PSIને PI તરીકે પ્રમોશન આપવામાં આવ્યા છે. પોલીસ સબ ઈન્સ્પેકટરોને પોલીસ ઈન્સ્પે કટર વર્ગ-૨નું પ્રમોશન અપાયું છે. ગુજરાત પોલીસ વિભાગે બઢતી માટે પસંદગી યાદી જાહેર કરી છે. ઘણા સમયથી બિન હથિયારી PSI બઢતીની રાહ જોઈ રહ્યા હતા.

ડીજી ઓફિસે બઢતીના આદેશ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં લોકસભાની ચૂંટણી બાદ એક સાથે ૧૮ IPS અને ૮ IPS અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. ૮ IPS



અધિકારીઓની બદલીમાં રાજુ ભાર્ગવ, વિકાસ સુંદા, બિશાખા જૈન, રાઘવ જૈન, જીતેન્દ્ર મુરારી લાલ અગ્રવાલ, ડો.નિધિ ઠાકુર, કોરુકોન્ડા સિદ્ધાર્થ અને જે.એ. પટેલનો સમાવેશ થાય છે. અગ્નિકાંડ સમયે રાજકોટના પોલીસ કમિશનર રહેલા રાજુ ભાર્ગવને આર્મ્ડ યુનિટના ADGP બનાવ્યા હતા.

# રેલવે પાટા પર સાયકલથી માંડી ગેસના બાટલા જેવી જોખમી વસ્તુઓ મૂકનાર ઝડપાયો

લખનૌ, તા.૧

યુટ્યુબ પર વીડિયો બનાવીને વ્યુઝ મેળવવા માટે ટ્રેનના પાટા પર સિલિન્ડરથી માંડીને સાયકલ સુધીની વસ્તુઓ રાખનાર ગુલઝાર શેખ આખરે ઝડપાઈ ગયો છે.

ગુલઝાર શેખ સામે ફરિયાદ પણ નોંધવામાં આવી છે. ભાજપના પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ તેમની ધરપકડની માહિતી આપી છે.

શહજાદ પૂનાવાલાએ માહિતી આપતા કહ્યું કે વહીવટીતંત્ર તેમને કોઈપણ કિંમતે છોડશે નહીં. ગુલઝાર શેખ વિરુદ્ધ અનેક કલમો હેઠળ ફરિયાદ પણ નોંધવામાં આવી છે. ગુલઝાર શેખ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૨૪, ૩૨૬ અને ૧૦૯ તેમજ રેલવે એક્ટની કેટલીક કલમો હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. આ સિવાય તેના પર એક્ટ-ની કલમો પણ લગાવવામાં આવી



છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે ગુલઝાર શેખના પગલાથી મોટી ટ્રેન દુર્ઘટના થઈ શકે છે અને તે આ વાતથી વાકેફ પણ હતો. ઉલ્લેખનીય છે કે ગુલઝાર શેખના કેટલાક વીડિયો વાયરલ થયા હતા જેમાં તેણે ટ્રેનના પાટા પર અલગ-અલગ વસ્તુઓ રાખી હતી. ગુલઝાર શેખે પોતાને યુટ્યુબ પર ‘હેકર’ અને ‘પ્રયોગકર્તા’ ગણાવ્યા છે. યુટ્યુબ પર તેની ગુલઝાર ઈન્ડિયન હેકર નામની ચેનલ છે, જેના ૨.૩૫ લાખ સબસ્ક્રાઈબર્સ છે. ગુલઝાર શેખનો આવો જ એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આમાં, તે ટ્રેન આવે તે પહેલા ટ્રેકની વચ્ચે એક મોટી સાયકલ મૂકે છે. જ્યારે ટ્રેન સંપૂર્ણપણે પસાર થાય છે ત્યારે તે સાયકલ બતાવે છે. જો કે આ મામલામાં કોઈ અથડામણ થઈ ન હતી, જો આવું થયું હોત તો ટ્રેનમાં મુસાફરી કરી રહેલા મુસાફરોના જીવ જોખમમાં મુકાઈ શક્યા હોત. આવા જ અન્ય એક વીડિયોમાં ટ્રેનના પાટા પર ગેસ સિલિન્ડર મૂકાયેલો જોઈ શકાય છે. અન્ય વીડિયોમાં તે પાટા પર લોખંડની મોટર મૂકે છે. અન્ય એક વીડિયોમાં તે ટ્રેક પર ડોલ મૂકે છે. આ તમામ વીડિયો પછી તે વસ્તુને શું નુકસાન થયું છે તે દર્શાવે છે. હવે તેનો વીડિયો વાયરલ થયા બાદ તેની ધરપકડ કરી લેવામાં આવી છે.

# હવે વંદે ભારત, રાજધાની, શતાબ્દી પૂરપાટ ઝડપે દોડશે



નવી દિલ્હી, તા.૧

ભારતીય રેલવે ૧૫ ઓગસ્ટથી વંદે ભારત તેમજ રાજધાની, ઓગસ્ટ ક્રાંતિ રાજધાની, તેજસ અને શતાબ્દી એક્સપ્રેસ જેવી ટ્રેનોની સ્પીડ વધારવા જઈ રહી છે. ૧૩૦ કિમી પ્રતિ કલાકના બદલે હવે આ ટ્રેનો ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડતી જોવા મળશે. એક અંદાજ મુજબ સ્પીડ વધતા મુસાફરોનો ૪૫ મિનિટ-થી લઈને ૪ કલાક સુધીનો સમય બચી શકે છે. આનો અર્થ એ થયો કે હવે દિલ્હીથી મુંબઈની મુસાફરી માત્ર સરળ જ નહીં રહે પરંતુ સમયની પણ બચત કરાવશે. દેશની ટોચની ટ્રેનોની સ્પીડ ૧૩૦થી વધારીને હવે ૧૬૦ કિમી પ્રતિ કલાક કરવામાં આવશે પરંતુ સૌથી મોટો સવાલ થાય કે શું સ્પીડ વધશે તો ટિકિટના ભાવ પણ વધશે કે શું? આ સવાલનો જવાબ છે, ના ટ્રેનના ભાડામાં કોઈ વધારો કરવામાં આવશે નહીં. હાલમાં ૧૨૯૫૩ નિઝામુદ્દીન-મુંબઈ સેન્ટ્રલ ઓગસ્ટ ક્રાંતિ રાજધાની અને ૧૨૯૫૧ મુંબઈ સેન્ટ્રલ -નવી દિલ્હી રાજધાની દિલ્હી અને મુંબઈ વચ્ચે લગભગ ૧૬ કલાકનો સમય લે છે પરંતુ ૧૫ ઓગસ્ટ પછી આ યાત્રા ૧૨ કલાકમાં પૂર્ણ કરી શકાશે. આમ ૪ કલાકનો સમય બચશે. મહત્વની વાત એ છે કે, સંભવિત છે કે રેલવે ટૂંક સમયમાં આ અંગે નવું ટાઈમ ટેબલ પણ જારી કરી શકે છે અને અમુક ટ્રેનોના રૂટ લાંબા અથવા ફ્રિકવન્સી વધી શકે છે.

પ્રાપ્ત ડિટેલ્સ અનુસાર મુસાફરીના નવા શેડ્યૂલમાં મુંબઈથી અમદાવાદ આવતી વંદે એક્સપ્રેસ ટ્રેન હવે મુંબઈ સેન્ટ્રલથી બપોરે ૩:૪૫ વાગ્યે ઉપડશે, જે અગાઉના ૩:૫૫ના શેડ્યૂલ કરતાં દસ મિનિટ વહેલી હશે. વડોદરા: ૨૦:૧૧ વાગ્યે આગમન થશે ૨૦:૧૪ વાગ્યે પ્રસ્થાન થશે જે અગાઉ ૨૦:૧૬ અને ૨૦:૧૯ હતા તથા અમદાવાદ અગાઉના ૨૧:૨૫ના આગમનને સ્થાને ૨૧:૧૫ વાગ્યે આગમન થશે.

મળતી માહિતી મુજબ, રેલવે વિભાગે પશ્ચિમ ઝોન રેલવેને ૧૫ ઓગસ્ટથી આ સ્પીડ લિમિટને લાગુ કરવા સૂચના આપી છે. રેલવે બોર્ડે પશ્ચિમ રેલવેના અધિકારક્ષેત્ર હેઠળના મુંબઈ-અમદાવાદ અને મુંબઈ-નાગદા રૂટ પર ૧૫ ઓગસ્ટથી ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રેનો દોડાવવાની યોજના તૈયાર કરી છે. આ માટે રેલવે બોર્ડે ઝોનલ રેલવે હેઠળના તમામ સંબંધિત વિભાગોના ફ્રઈસ્ને બ્લોક અને એસએન્ડટી/ટીઆરડી ટીમો પાસેથી જરૂરી કામ પૂર્ણ કરાવવા અને સુરક્ષા-સલામતી સુનિશ્ચિત કરવા જણાવ્યું હતુ. આ પ્રક્રિયા પૂર્ણ થવા હવે લીલીઝંડી મળી.

પશ્ચિમ રેલવેના અધિકારીઓનું કહેવું છે કે ટ્રેનોને ૧૬૦ કિમી સુધી ચલાવવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. મુંબઈ-અમદાવાદ રૂટ, મુંબઈ-વડોદરા રૂટ, વડોદરાથી દાહોદ અને દાહોદથી નાગદા રૂટને ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે અપગ્રેડ કરવામાં આવ્યા છે. આ રૂટ પર નવી ટેકનોલોજીથી સજ્જ સિગ્નલિંગ અને ઓવરહેડ ઈક્વિપમેન્ટ લગાવવામાં આવ્યા છે. આ રૂટ પરથી અનેક રેલ અવરોધો પણ દૂર કરવામાં આવ્યા છે. મહત્વની વાત એ છે કે આ ટ્રેનોમાં સ્લીપર ડેન્સિટી વધારવામાં આવી છે. કવચ ટેક્નોલોજી પણ લગાવવામાં આવી છે. મિશન રફતાર હેઠળ ટ્રેક અપગ્રેડેશનને કારણે તમામ પ્રીમિયમ ટ્રેનો ૧૬૦ કિમીની ઝડપે દોડશે પરંતુ આનાથી ભાડા પર કોઈ અસર નહીં થાય. ઝડપ વધવાથી દોડવાના સમયમાં પણ ફરક પડશે, જેના કારણે અનેક રૂટ પર નવી ટ્રેનો દોડાવી શકાશે.

ભારતીય રેલવે મિશન રફતાર હેઠળ એક્સપ્રેસ અને સુપરફાસ્ટ ટ્રેનોની ઝડપ વધારવા માટે કામ કરી રહી છે. આ સાથે ગુડ્સ ટ્રેનોની સ્પીડ પણ વધારવામાં આવશે. મિશન રફતાર હેઠળ આ તમામ ટ્રેનોની સરેરાશ ઝડપને વધુ વધારવામાં આવશે. ટ્રેનોની સ્પીડ વધારવા માટે એક સંપૂર્ણ સૂચિત પ્રક્રિયાનું પાલન કરવું પડશે. આમાં ટ્રેક, સિગ્નલ સિસ્ટમ, ઓવર હેડ સાધનો, ટ્રેનના કોચ અને એન્જિનને અપગ્રેડેશનનો સમાવેશ થાય છે. આ અંતર્ગત બાયપાસ ફૂટઓવર બ્રિજ પણ બનાવાયા છે. આ મિશન હેઠળ રેલવેના તમામ ડીઝલ એન્જિનોને મેમૂ એટલે કે મેઈન લાઈન ઈલેક્ટ્રીક મલ્ટીપલ યુનિટમાં ટ્રાન્સફોર્મ કરવામાં આવશે.

# રાજ્યમાં ફોરેસ્ટની ભરતીમાં પણ છબરડાંનો આક્ષેપ કરાયો

ગાંધીનગર, તા.૧

છેલ્લા કેટલાક સમયથી રાજ્ય સરકાર દ્વારા યોજાતી પરીક્ષા-ભરતીઓ છબરડાં અને કૌભાંડોના કારણે હંમેશા ચર્ચા રહે છે. એમાં પણ ખાસ કરીને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી માટે યોજાતી પરીક્ષાઓ કોઈને કોઈ વિવાદના લીધે વિવાદમાં સપડાઈ જાય છે. તાજેતરમાં ફોરેસ્ટ બીટ ગાર્ડની ૮૨૩ જગ્યા માટે યોજાયેલી પરીક્ષા CBRT પદ્ધતિથી યોજાઈ હતી. હવે તેને લઈને પણ વિવાદ શરૂ થયો છે. આજે રાજ્યભરમાંથી ઉમેદવારો ગાંધીનગર ખાતે એકઠા થયા હતા અને CBRT પદ્ધતિને નાબૂદ કરવા અને ભરતીમાં નોર્મલાઈઝેશન કર્યા બાદ તમામ ઉમેદવારોના માર્ક્સ જાહેર કરવા માગ કરી હતી. આ ઉમેદવારોએ જિલ્લા પ્રમાણે માર્ક્સ જાહેર કરવાની પણ માંગ કરી હતી. ફોરેસ્ટ બીટ ગાર્ડની ૮૨૩ જગ્યા માટે યોજાયેલી પરીક્ષા ઝમ્ર્ઽ પદ્ધતિથી યોજાઇ હતી, હવે તેને લઈને પણ વિવાદ.

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જે પરિણામ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે તેમાં માત્ર નામ જ છે. કોઈપણ પ્રકાર વિગતવાર માહિતી નથી. તે ખોટું કહેવાય. તેને બદલે નોર્મલાઈઝેશન મેથડ પહેલાં કેટલા માર્ક્સ હતા અને નોર્મલાઈઝેશન મેથડ બાદ કેટલા માર્ક ઉમેરવામાં આવ્યા અને કેટલા ઘટાડવામાં આવ્યા તેની વિગતવાર માહિતી કેટગરી પ્રમાણે પ્રસિદ્ધ કરવામાં આવે. આવેદન સાથે વિદ્યાર્થીઓના એક પ્રતિનિધિ મંડળે વિનંતી કરી હતી કે CBRT પદ્ધતિ દૂર કરવામાં આવે કેમ કે આ પ્રયોગ ખૂબ નિષ્ફળ સાબિત થયો છે, અને આ પદ્ધતિનો ભોગ સૌથી વધારે “મહેનતુ વિદ્યાર્થી” બન્યા છે. જેથી દરેક ઉમેદવારને સમાન અવસર મળે તે માટે ય્જીઝ અને પોલીસ ભરતી બોર્ડની જેમ ઓફલાઈન મોડથી પરીક્ષાનું આયોજન કરવામાં આવે.

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી ગૌણસેવા દ્વારા, ફોરેસ્ટ, CCE, સબ ઓડિટર, સિનિયર સર્વેયર, પ્લાનિંગ આસિસ્ટન્ટ, વર્ક આસિસ્ટન્ટ, મદદનીશ ઈજનેર સિવિલ, ગ્રાફિક ડિઝાઈનર અને ઓછી બેઠકો વાળી વર્ગ ૨-૩ની ભરતીની પરીક્ષાઓ CBRT પદ્ધતિ દ્વારા લેવામાં આવે છે. જેમાં હવે ફોરેસ્ટ ઉમેદવારોએ આક્ષેપ કર્યો છે કે CBRT પદ્ધતિનો ગુજરાતમાં પહેલીવાર જ્યારે પ્રયોગ કરવામાં આવ્યો તે પહેલા કહેવામાં આવતું હતું કે આ ઝમ્ર્ઽ દ્વારા પરીક્ષા લેતી એજન્સી ખૂબ વિશ્વસનીય, પારદર્શી, પેપર રહિત, ભૂલ રહિત છે, પરંતુ છેલ્લે લેવાયેલીતમામ પરીક્ષાઓમાં ખરી ઉતરી નથી તેને કારણે અનેક છબરડા સામે આવ્યા છે.

## તસ્વીરી સમાચાર




ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકા ધામલેજ દરિયાકિનારે ગઈકાલે એક મોટી માત્રામાં ચરસ મળી આવવાની ઘટના સામે આવી છે. પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, આ ચરસનું વજન લગભગ ૧૦.૬૦૦ કિલોગ્રામ છે અને તેની બજાર કિંમત આશરે ૫ કરોડ ૩૦ લાખ રૂપિયા આંકવામાં આવી છે.



દુનિયામાં એક ખાસ દેશ છે જે બરફની ખેતીથી ઘણી કમાણી કરી રહ્યો છે. આ દેશનું નામ નોર્વે છે, અહીં ભારે હિમવર્ષા થાય છે. જેને લોકોએ તકમાં ફેરવી નાખ્યું. આ બરફના કામ સાથે જોડાયેલા લોકો સારી કમાણી કરી રહ્યા છે. નોર્વે સિવાય ઘણા ઠંડા દેશોમાં આ બિઝનેસને વેગ મળ્યો છે. ડેરીઓ, દુકાનો, માછલી વેચનારા, બીયર ઉત્પાદક કંપનીઓ વગેરે બરફના મોટા ખરીદદારો તરીકે ઉભરી આવ્યા છે. આ સિવાય સામાન્ય ઘરો, ખેતરો અને શહેરોમાં પણ બરફનો ઉપયોગ થવા લાગ્યો. જહાજો પર પણ, બરફનો ઉપયોગ ખોરાકને સાચવવા માટે કરવામાં આવે છે.



બનાસકાંઠાના ડીસા તાલુકાના તાલેપુરા ગામના રહેવાસી ૩૧ વર્ષીય આશાબેન ચૌધરી પશુપાલન અને ખેતીવાડી સાથે સંકળાયેલા પરિવારથી સંબંધ ધરાવે છે. તેમણે મિકેનિકલ એન્જિનિયર સુધીનો અભ્યાસ કર્યો છે અને અત્યારે ડ્રૉન દીદી કાર્યક્રમ અંતર્ગત તાલીમ મેળવીને આસપાસના વિસ્તારમાં ડ્રૉનની મદદથી જંતુનાશક દવાઓનો છંટકાવ કરીને આવક મેળવી રહ્યાં છે.




રોજગારની શોધ કરી રહેલા લોકો માટે એક સારા સમાચાર આવ્યા છે. સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, નેશનલ કેરિયર સર્વિસ પોર્ટલ એટલે કે એનસીએસ પોર્ટલ પર હાલમાં ૨૦ લાખથી વધુ જગ્યાઓની ખાલી જગ્યાઓ આવી છે. આવું પહેલીવાર થયું છે, જ્યારે એનસીએસ પોર્ટલ પર કુલ ખાલી જગ્યાઓ ૨૦ લાખને પાર કરી ગઈ છે.



યાત્રાધામ અંબાજીમાં રૂ. ૧૨૦૦ કરોડના ખર્ચે શક્તિપથ બનશે. જે મુખ્ય મંદિરમાં રહેલા વિશા યંત્ર અને ગબ્બર પર રહેલી સતીનાં હૃદયનાં સ્થાન એવી જ્યોતને જોડશે. અઢી કિમી લાંબા આ કોરિડોરના રૂટ પર દિવ્યદર્શિની ચોક, પાર્કિંગ, એમેનિટિઝ બ્લોક, ટૂરિસ્ટ ફેસિલિટી, રોપવે ટર્મિનલ, સતી સરોવર, સતી ઘાટ, ઈફ સ્ટોપ અને ઈવેન્ટ ગ્રાઉન્ડ હશે. આ કોરિડોર તૈયાર થયા પછી શ્રદ્ધાળુઓ મંદિરમાં વિશા યંત્રના દર્શન કરી ચાચરચોકથી જ સીધા ગબ્બર સુધી પહોંચી શકશે.

## સંક્ષિપ્ત સમાચાર

### વિરાણીમોટીમાં જીલ્લા કક્ષાની સ્કેટિંગ સ્પર્ધા યોજાઈ



આણંદપર(યક્ષ)તા.૩૧

તા.૨૫/૭ ના સંતકૃપા વિદ્યાલય, વીરાણીમોટી ખાતે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા કચ્છ જીલ્લા કક્ષાની સ્કેટિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. તા૨૫/૭ ના અંડર ૧૧,૧૭,૧૯ બહેનોની અને તા.૨૯/૭ ના ૧૧,૧૭,૧૯ ભાઈઓની સ્પર્ધા યોજાઇ હતી. આ આયોજન સફળ બનાવા માટે જીલ્લા રમત-ગમત અધિકારી કચેરી ભુજ અને સંતકૃપા વિદ્યાલય વિરાણી મોટીએ યજમાન પદે રહી આયોજન સાકાર કર્યું હતું, સ્કેટિંગ સ્પર્ધામાં જીલ્લા કક્ષાએ અંડર-૧૯ માં સંતકૃપા વિદ્યાલયના વિદ્યાર્થી રાઠોડ હઠેસિંહ હરભમજી પ્રથમ નંબરે આવતા સંત દિલિપદાદાએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા સ્કેટિંગ સ્પર્ધામાં રેફરી તરીકે ડૉ. વિપુલ મોદી, અંકુર દાવગ, રબારી માલાભાઈ, ધોળું વિપુલ વગેરે સેવા આપી હતી.

તમામ સ્પર્ધક ખેલાડીઓને શાળાના ટ્રસ્ટી મુરુભા જાડેજાએ આવકાર આપ્યો હતો, વ્યવસ્થામાં રાજેશભાઈએ સેવા આપી હતી, શાળાના આચાર્ય નવનીતભાઈ અને સહકન્વીનર શંકરસિંહે સંચાલન કર્યું હતું.

### વીડી ઘુના વાળા ખોડિયાર માતાજી મંદિર પ્રાંગણમાં ૧૦૧ વૃક્ષો વાવવામાં આવ્યા



અંજાર તા.૧

ભારત વિકાસ પરિષદ અંજાર શાખા દ્વારા દર ચોમાસે વૃક્ષારોપણ કરવામાં આવતું હોય છે, તે અંતર્ગત તાલુકા વીડી ગામ મધ્યે આવેલ ઘુના વાળા ખોડિયાર માતાજી મંદિરે ૧૦૧ વૃક્ષ વાવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, આ વૃક્ષો ઉછેરવાની જવાબદારી ધુના વાળા ખોડિયાર માતાજી ચેરિટેબલ ટ્રસ્ટે સ્વીકારી હતી. આ વૃક્ષારોપણમાં પક્ષીઓને ખાસ ધ્યાનમાં રાખી વસવાટ કરી સકે સાથે ખોરાક લઈ શકે તે હેતુ પીપળો, બદામ, રાયણ તેમજ બોરસલીના વૃક્ષ વાવવામાં આવ્યા હતા. આ કાર્યમાં ભારત વિકાસ પરિષદ અંજારના સદસ્યો પરિવાર સાથે જોડાયા હતા, વૃક્ષારોપણ પ્રકલ્પ સંયોજક મનોજ અબોટી, કિશન સોની, ભાવિક સોરઠીયા, મેઘજી રબારી વગેરેએ જહેમત ઉઠાવી હતી, મનીષ ચોટારાએ ટ્રેકટરથી ખાડા ખોદી યોગદાન આપ્યું હતું, ઘુના વાળા ખોડિયાર માતાજી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ પ્રેમજી કાપડી, શામજી બાંભણીયા, કૌશિક વાણીયા,લાલજી હડીયા, પ્રવીણ હડીયા, વિશ્રામ વાણીયા તેમજ પુજારીમાં ધનબાઈએ આ વૃક્ષારોપણ કાર્યક્રમને બિરદાવ્યો હોવાનું જીતેન્દ્ર ચોટારાએ જણાવ્યું હતું.

### પૂર્વ મંત્રીના જન્મદિન નિમિતે મુન્દ્રાના ગરીબ બાળકોને ભોજન કરાવાયું



મુન્દ્રા તા.૧

મંગળવારે કચ્છ જિલ્લા ટ્રક ઑનર્સ એસોસિયેશન અને મુન્દ્રા તાલુકા ટ્રક ઑનર્સ એસોસિયેશનના સહયોગથી 'જનસેવા' દ્વારા સેવાકીય પ્રવૃતિ અંતર્ગત ગુજરાતના પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહિરના જન્મદિન પ્રસંગે સતત બીજા વર્ષે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે ઉજવણીમાં મુન્દ્રાની જન સેવા દ્વારા ગરીબ વસાહતના બાળકો ને બપોરે ભોજન પીરસવામાં આવ્યું હતું

### અબડાસાના ૦૬ મધ્યાહન ભોજન કેન્દ્ર સંચાલકોની જગ્યા માટે અરજીઓ મંગાવાઈ

અબડાસા, તા.૧

અબડાસા તાલુકાના આશાપર પ્રાથમિક શાળા કેન્દ્ર નંબર ૦૩, બારા પ્રાથમિક શાળા કેન્દ્ર નંબર ૧૧, નલીયા કન્યા શાળા નંબર ૦૧ પ્રાથમિક શાળા કેન્દ્ર નંબર ૧૦૨, ખારૂઆ પ્રાથમિક શાળા કેન્દ્ર નંબર ૭૮, કોઠારા માનપુરા પ્રાથમિક શાળા કેન્દ્ર નંબર ૮૧ અને પાટ પ્રાથમિક શાળા કેન્દ્ર નંબર ૧૧૭ સહિત કુલ-૦૬ મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોના સંચાલકની જગ્યાઓ નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ માટે માનદ વેતનથી ભરવાની રહે છે.જેથી આ કેન્દ્રો ઉપર નિમણૂંક મેળવવા ઈચ્છતા અરજદારોએ તા.૧૨/૦૮/૨૦૨૪ સુધીમાં નિયત ફોર્મ મેળવીને અરજી મામલતદાર કચેરી, પી.એમ.પોષણ (મ.ભો.યો) શાખા નલીયા ખાતે જમા કર-ાવવાની રહેશે. અરજદારોએ ફોર્મમાં દર્શાવેલા તમામ ડોકયૂમેન્ટ સાથે અરજી મોકલી આપવાની રહેશે. ઉપરોક્ત કેન્દ્રોમાં સંચાલકની લાયકાત ધોરણ ૭ પાસ કે તેની વધુ તથા ઉંમર ૨૦ થી ૬૦ વર્ષની વચ્ચે રહેશે તેમ મામલતદાર, અબડાસા દ્વારા જણાવાયું છે.

# કચ્છમાં વિકસતા પ્રવાસન ઉદ્યોગની સામે પર્યાવરણ જાળવણી મોટો પડકાર છે

**પ્લાસ્ટીકનાં વ્યવસ્થાપનની વકરતી સમસ્યાના ઉપાય માટે ધોરડો,ગોરેવલી પંચાયત, એગ્રોસેલ ઇન્ડસ્ટ્રીઝ, 'રૂડા' ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી કાર્યશાળામાં નક્કર આયોજન પર ભાર મુકાયો**



ભુજ તા.૧

કચ્છમાં વિકસી રહેલા પ્રવાસન ઉદ્યોગની સાથે સાથે જે કેટલાક પડકારો ઉભરી રહ્યા છે તે પૈકીની એક પર્યાવરણ જાળવણી મોટો પડકાર છે. પ્રવાસન સાથે નાના ઉદ્યોગો, સેવા ક્ષેત્રના વ્યવસાયો અને હોટેલ ઉદ્યોગને ખુબ જ પ્રોત્સાહન મળ્યું છે, પરંતુ આ વ્યવસાય કારો અને પ્રવાસીઓ દ્વારા પેદા થતા ઘન કચરા અને સિંગલ યુઝ પ્લાસ્ટીકનાં વ્યવસ્થાપનની સમસ્યા દિવસા દિવસ વધી રહી છે, જેનો ઉપાય સાથે મળીને સહિયારા પ્રયાસોથી જ કરી શકાય એમ છે. આ હેતુ સાથે એક કાર્યશાળા બન્ની વિસ્તારનાં ધોરડો ગામના 'ગેટ વે ટુ રણ રિસોર્ટ' ના કોન્ફરન્સ હોલ ખાતે આયોજિત કરાઈ હતી.

ધોરડો અને ગોરેવલી ગામ પંચાયત, એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ ના સી.એસ.આર.વિભાગ અને રીજીયોનલ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એજન્સી ('રૂડા')ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ વર્કશોપમાં, 'ઝીરો પ્લાસ્ટિક બન્ની' વિષે ચર્ચા અને નક્કર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સામેલ તમામ લોકોનો મુખ્ય સૂર એ જ હતો કે આ માટે દરેક વ્યક્તિ જવાબદારી લે, જેમાં સ્થાનિક લોકો, પંચાયત, સરકાર, સ્થાનિક વેપારીઓ અને રિસોર્ટસંચાલકો અને પ્રવાસીઓ સુદ્ધાં આવી જાય. એગ્રોસેલના સી.એમ.ડી. દીપેશ શ્રોફે જણાવ્યું હતું કે, આપણે પોતે પહેલાં આપણા વિસ્તારને માન આપીએ, આપણા વિસ્તારની સંસ્કૃતિ અને પરંપરાને પ્રેમ કરીએ અને 'સંસ્કારી પ્રવાસન' વિકસાવીએ, તો જ પ્રવાસીઓ પણ તેને અનુસરશે. આનંદમોહન તીવારી એ આ વાતને આગળ ધપાવતા ઉમેર્યું હતું કે, આવી બાબતે અમલીકરણ કરવા માટે સિસ્ટમ્સ અને નિયમભંગ કરનારને દંડની જોગવાઈ સાથેના નીતિ નિયમો નક્કી કરવા અનિવાર્ય છે. માથેરાન હિલસ્ટેશનનો દાખલો આપતાં તેમણે જણાવ્યું હતું કે સ્થાનિક લોકો ધારે એ કરી શકે છે.

આ સંદર્ભે ધોરડો સરપંચ મિયાંહુસેન મુતવાએ તમામ રીતે સહકાર આપવા પંચાયત તરફથી ખાતરી આપી તેમણે પણ નીતિ નિયમો બનાવવા ઉપર ભાર મૂક્યો હતો. અન્ય સહભાગીઓએ પણ પોતાના ઉપયોગી મંતવ્યો આપ્યાં હતાં, જેમ કે ઓફ સિઝનમાં ટુરિસ્ટ ગાઈડ, શાળામાં ભણતાં બાળકો અને રિસોર્ટ સંચાલકોને બન્નીના ઈતિહાસથી પરિચિત કરવા, જેથી એમને પોતાના વિસ્તાર માટે આત્મીયતા ઉભી થશે, પ્રવાસીઓને સાચી અને પૂરી માહિતી મળશે. 'ઝીરો પ્લાસ્ટિક બન્ની' તરફ જવાની પૂરી પ્રક્રિયાને એક શિસ્ત અને દ્રઢ નિશ્ચય સાથે આગળ લઈ જવા પર આ કાર્યશાળામાં ભાર મૂકી સ્વચ્છ ભારત મિશન, BOB RSET અને BSF ના પ્રતિનિધિઓની સામેલગીરીએ એક મૂલ્યવાન ઉમેરો કર્યો હતો. હાલ જ્યાં પ્રોજેક્ટ ચાલી રહ્યો છે, એ સુમરાસર (શેખ) ગામના સરપંચ રણછોડ આહિરે આ કામગીરી અંગેનાં પોતાના અનુભવો શેર કર્યા હતા. બંને પંચાયતની બોડી, સભાસદો, સ્થાનિક આગેવાનો, રિસોર્ટના સંચાલકો, કંપનીની સાથી સંસ્થાઓના પ્રતિનિધિઓ, શિક્ષકો, કંપનીના સિનિયર અધિકારીઓ સાથે ૧૨૫ જેટલા લોકો આ વર્કશોપમાં સામેલ થયા હતા.

એગ્રોસેલ સીએસઆર, 'રૂડા', એગ્રોસેલ પશુ સારવાર કેન્દ્ર, વી.આર.ટી.આઈ, અને એગ્રોસેલ પશુ સારવાર કેન્દ્રની ટીમે આ કાર્યશાળાને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. ગેટવે ટુ રણ રિસોર્ટના મેનેજર શ્રી મુતવા અને તેમની ટીમે તમામ વ્યવસ્થા સંભાળી હતી, એગ્રોસેલ સીએસઆરના મગન મકવાણા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

# એક્યુપ્રેશર ઉપચાર પધ્ધતિ એ કુદરતે માનવને બક્ષેલું વિજ્ઞાન છે



### ભુજ લોહાણા મહિલા આશ્રમ મધ્યે એક્યુપ્રેશર સારવાર કેમ્પ યોજાયો


ભુજ તા.૧

ભુજ લોહાણા મહાજન સંચાલિત ભુજ લોહાણા મહિલાશ્રમ "ચતવાણી બાગ'' માં રહેતા માતાઓ તથા બહેનોને માટે મહિલા આશ્રમના પ્રમુખ હર્ષદ ઠક્કર (હકી)ના અધ્યક્ષપદે એક્યુપ્રેશર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં જાગૃતિબેન હરેન્દ્ર ઠક્કર અને ભગવતીબેન મંગે દ્વારા સેવા આપવામાં આવી હતી. એક્યુપ્રેશરથી થતા ફાયદા વિશે જાગૃતિબેને જણાવ્યું હતું કે, એક્યુપ્રેશર ઉપચાર પધ્ધતિ એ કુદરતે માનવને બક્ષેલું વિજ્ઞાન છે, આ પધ્ધતિ ત્રણ હજાર વર્ષ પહેલા ખુબ પ્રચલીત હતી, મહર્ષી સુપૂર્ત એ આપણને હાથ અને પગના બીંદુઓ ઉપર દબાણ આપી ઉપચાર કરવાની વિદ્યા આપી છે. જાગૃતિબેન છેલ્લા ૧૦ વર્ષથી આ સેવા કાર્ય સાથે જોડાયેલા છે, અને આ પધ્ધતિના સારા પરીણામો પણ મળ્યા છે, આ પધ્ધતિમાં લોકોની શ્રધ્ધા પણ વધી છે, અને અમુક લોકો દવાથી પણ મુક્ત થયા છે, હથેડી અને પગના તળીયા સ્પર્શબિંદુને શોધી તેના ઉપર હળવું દબાણ આપી દુખાવા દુર કરી દરેક અવયવ અને અંતઃસ્ત્રાવી ગ્રંથીઓને સક્રીય કરી શકાય છે, આ પધ્ધતિથી મહિલાશ્રમની માતાઓ રાજી થયા હતા. ભુજ લોહાણા મહાજનના પ્રમુખ ડો.મુકેશ ચંદે એ ખુશી વ્યકત કરી હતી, મહિલા આશ્રમના પ્રમુખ હર્ષદભાઈ એ જણાવ્યું હતું કે, આ સેવા દર મંગળવારે સાંજે ૪ થી ૬ સુધી મહીલાશ્રમના જલારામ સત્સંગ હોલ મધ્યે જાગૃતિબેન દ્વારા આપ વામાં આવશે, સમાજના કોઈ પણ માતા તથા બહેનો આ એક્યુપ્રેશર સેવાનો લાભ લઈ શકે છે. આ કેમ્પ માં મહિલાશ્રમ કમિટીના પંકજબેન રામાણી દિનેશ દૈયા, દિલીપ ઠક્કર, ગોવિંદ ઠક્કર, ગિરધર ઠક્કર,હાજર રહયા હતા. વ્યવસ્થા મહાજનના સ્ટાફ જતીનભાઈ, મહેન્દ્રભાઈ, રાજાભાઈ, પચાણભાઈ, રાજુભાઈ આહીરે સંભાળી હતી, દિલીપ ઠક્કરે સહયોગી સૌનો આભાર માન્યો હતો.

## વાયનાડમાં કુદરતી આપત્તિનો ભોગ બનેલા માટે અમેરિકામાં પ્રાર્થના સભા યોજાઈ





**સ્વામિનારાયણ મંદિર સિકોક્સ ખાતે ધૂન, ધ્યાન અને પાર્થનાનું આયોજન કરાયું**

અમદાવાદ તા.૧

તાજેતરમાં કેરળના વાયનાડ જિલ્લામાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થતાં મોટી સંખ્યામાં લોકોના જીવ ગયા છે, અનેક ઘવાયા છે અને સેંકડો લોકો કાદવ કીચડમાં ફસાયા છે.

આ કેરળની સૌથી મોટી કુદરતી આપત્તિમાં વિનાશનું તાંડવ સર્જાયું છે, ત્યારે સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના જ્ઞાનમહોદધિ આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી મહારાજની અનુજ્ઞાથી અમેરિકાના સિકોક્સ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે મહંત સદ્‌ગુરુ ભગવત્પ્રિયદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં પ્રાર્થના સભા યોજાઈ હતી. જેમાં હોનારતમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને આ વજ્રઘાત સહન કરવાની ભગવાન શક્તિ આપે તેમજ ઘાયલ થયા છે તેઓ જલ્દી સાજા થઈ જાય તે માટે પ્રાર્થના, ધૂન, અને ધ્યાન કરવામાં આવ્યું હોવાનું મહંત સદ્‌ગુરુ ભગવત્પ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું.

# અબડાસાના રાતાતળાવનું તળાવ ઓગની જતા ઉત્સવનો માહોલ

ભૂજ તા.૨૯

અબડાસા તાલુકાના પ્રવેશદ્વાર સમા રાતાતળાવ ગામનું તળાવ ઓગની જતાં લોકોમાં ખુશીનો માહોલ સર્જાયો હતો, અને મેઘલાડુ ઉત્સવમાં ગામના તમામ સમાજના હજારો લોકો જોડાયા હતા બાલરામ પાંજરાપોળની ગૌમાતા અને લોકોને મેઘલાડુ પીરસાવવામાં આવ્યા હતા,ઓધવરામ સત્સંગ મંડળ આયોજિત કાર્યક્રમમાં આ વિસ્તારના ૨૫ ગામોના લોકો ઉત્સવમાં જોડાયા હતા, રવિવારે યોજાયેલા ઉત્સવમાં સવારે રાતા તળાવને બ્રાહ્મણોના મંત્રોચ્ચારથી ગઢસીસા અંબેધામના ચંદુમાં તેમજ અન્ય સંતોના હસ્તે તળાવને શ્રીફળ વધેરીને વધાવવામાં આવ્યું હતું, આ પ્રસંગે વારરામ પાંજરાપોળ સંસ્થાના દાતાઓએ દાનની સરવાણી વહેડાવી હતી જેમાં માંડવી ભાનુશાલી ગુરુના કૃષ્ણદાસજી મહારાજ દ્વારા ૨૫ લાખનો ચેક ગૌ માતાના માટે અર્પણ કરવામાં આવ્યો હતો કરસનદાસ પરસોતમચંદ્ર પરિવાર ગાંધીધામ દ્વારા તરફથી રૂ.પાંચ લાખ, રાજેશ શામજી નંદાવાળા તરફથી રૂ.૨,૫૧,૦૦૦ નું દાન આપવામાં આવ્યું હતું ઉપરાંત ગાયો માટે ૮૦૦૦ ગુણી ભુસો તેમજ ૧૦૦૦ કિલો ગોળ આપવામાં આવ્યા હતા, સાથે લીલા ચારાની ગાડીઓની પણ દાતાઓએ સરવાણી કરી હતી, દાતાઓમાં આચાર્ય ભાઈ લાલજી વડોદ, ગિરધર મંગે, કરસન ચાંદરા, રમેશ કટારમલ, આઈશ્રી દેવલમાં, માતૃશ્રી જમનાબેન મંગે, કચ્છ કડવા પાટીદાર સમાજના બેંગ્લોરના ભાઈઓ, શારદાબેન મંગે પરિવાર, કાનજી ખીચડા પરિવાર હરિરામ કટરમલ સહિતના દાતાઓએ ગૌમાતા માટે દાન જાહેર કર્યું હતું, આ પ્રસંગે હિન્દુ આશ્રમના મહંત કલ્યાણદાસજી મહારાજ, ઉમેશદાસજી મહારાજ, ચંદુમાં, કૃષ્ણદાસજી મહારાજ, વગેરે ગૌમાતા માટે દાન આપવા દાતાઓને આગળ આવવા આહવાન કર્યું હતું, મનજી ભાનુશાલી તેમજ મુંબઈ એકમના પ્રમુખ હરિભાઈ અમરશી મંગે તેમજ કચ્છના પ્રમુખ વસંત ચાંદ્રા, સદગુરુ ટ્રસ્ટના ચેરમેન છત્રસિંહ જાડેજા, કાંતિભાઈ પટેલ, પ્રવીણ પટેલ, કિરીટસિંહ જાડેજા ઈબ્રાહીમભાઇ મુન્દ્રા, કિશોરસિંહ જાડેજા અમરશી ભાનુશાલી, મહેશ ભાનુશાલી, શંકર ભાનુશાલી, શંભુભાઈ ભાનુશાલી પરસોત્તમ મૈયા તેમજ વિવિધ ગામથી કચ્છ તેમજ અનેક વિસ્તારોમાંથી દાતાઓ સરપંચો ગામના વડીલો ઉપસ્થિત રહ્યા હતા,આ રાતાતળાવ મધ્યે છેલ્લા કેટલા વર્ષોથી આ પાંજરાપોળને ગાયો માટે દાન આપવામાં આવે છે, આવા શિક્ષણ હોય આરોગ્ય હોય કે ગૌ માતાની સેવા હોય એના માટે ભાનુશાલી સમાજ સાથે અન્ય તમામ સમાજો ભાગ લેતા હોય છે, તેમજ આવા ઉત્સવો હંમેશા ઉજવતા હોય છે, આ કાર્યક્રમનું સંચાલન અરવિંદ માવ તેમજ વિવિધ અગ્રણીઓએ કર્યું હતું સ્થાનિક અગ્રણીઓ વસંત ભાનુશાલી, લાલજી ભાનુશાલી, કૈલાશ ગોસ્વામી, તેમજ વિવિધ દાતાઓ, અગ્રણીઓ સહિત ઉત્સવમાં હજારો લોકો જોડાયા હતા.



**ગાયો માટે લાખોના દાનની સરવાણી વહેડાવતા દાતાઓઃ તમામ સમાજના હજારો લોકો ઉત્સવમાં જોડાયા**

# માધાપર ઓધવબાગ-૨ દ્વારા સતત ત્રીજી વખત વિજેતા સાંસદનું વિશિષ્ટ સન્માન કરાયું

ભુજ તા.૧

પાટનગરની ભાગોળે આવેલા ઓધવબાગ-૨ વિસ્તારના રહીશો દ્વારા માધાપરમાં સતત ત્રીજી વખત ચુંટાયેલા કચ્છના સાંસદની હેટ્રીકને વધાવવા વિશિષ્ટ સન્માનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રારંભે ઓધવબાગ-૨ વિસ્તારની નાની બાળાઓ ધ્વારા સામૈયું કરી વાજતે ગાજતે સાંસદ વિનોદભાઈને આવકાર્યા હતા,ત્યારબાદ ઓધવબાગ-૨ ના પ્રમુખ અને સમગ્ર કારોબારી સમિતિ ધ્વારા ફુલહાર, કચ્છી શાલ,પાઘડી અને મોમેન્ટો ધ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું,

આ અવસરે સોસાયટીના સામાજીક આગેવાનો ધ્વારા પણ તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. સ્વાગત ઉદબોધન કરતા સોસાયટીના પ્રમુખ દિપક ડાંગરે જણાવ્યું હતું કે, ૧૦ વર્ષથી સાંસદશ્રી, કચ્છ, મોરબીના લોકોની સેવા કરતા આવ્યા છે, ત્યારે ત્રીજી વખત તેમના કામને બિરદાવીને જનતાએ જંગી બહુમતીથી વિજય અપાવ્યો છે, ત્યાર ઓધવબાગ વિસ્તારના લોકો આ ભવ્ય જીતને બિરદાવવા આતુર હતા, લોકોને પણ વિશ્વાસ છે કે આવનારા સમયમાં પણ સાંસદશ્રી કચ્છ માટે ખુબ જ કામ કરશે. આ પ્રસંગે સાંસદ શ્રીચાવડાએ આ વિસ્તાર અને કચ્છની જનતાનો આભાર માનતા કહ્યું હતું કે, લોકો માટે હું હંમેશા કામ કરતો આવ્યો છું અને પ્રજાએ મુકેલા વિશ્વાસને વધારે સાર્થક કરવા સદાય તત્પર રહીશ, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈએ વૃક્ષ વાવવાનું આહવાન કર્યું છે, ત્યારે સમગ્ર કચ્છ હરિયાળું બને અને પર્યાવરણની જાળવણી થાય તે માટે લોકોએ આગળ આવી 'એક વૃક્ષ માં કે નામ' ના સુત્ર સાથે વૃક્ષો વાવવા હાકલ કરી ઉમેયું હતું કે, જેમ મસ્કા અને સંઘડમાં વૃક્ષારોપણ કર્યુ તેમ કચ્છના શકય એટલા વધારે ગામોમાં જાતે જઈ વૃક્ષો વાવવાની નેમ તેમણે વ્યકત કરી હતી.



**કચ્છના લોકોએ મુકેલા વિશ્વાસને સાર્થક કરવા તત્પર રહીશઃ વિનોદ ચાવડા**

ભુતકાળમાં પણ માધાપરમાં તેમણે વિકાસ માટેના કામ કર્યા છે, ઓધવબાગ વિસ્તારમાં શેડ બનાવવા માટેની ગ્રાન્ટની જાહેરાત સાંસદશ્રી એ કરી હતી, સાર્વજનિક ચોકમાં પેવર બ્લોકની ગ્રાન્ટ આપવા બદલ તાલુકા પંચાયતના સદસ્ય લક્ષ્મીબેન ઝરૂનું પણ આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પુર્વ પ્રમુખ પારૂલબેન કારાએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું સન્માન કાર્યક્રમમાં કચ્છ જિલ્લા ભા.જ.પ.ના ઉપપ્રમુખ જયંત માધાપરીયા,ભુજ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પ્રવિણાબેન રાઠોડ, ભુજ તાલુકા ભાજપના મહામંત્રી દિનેશ ઠક્કર, માધાપર જુનાવાસના સરપંચ ગંગાબેન મહેશ્વરી, ઉપસરપંચ રમેશ આહીર, પુર્વ ઉપસરપંચ દાદુભા ચૌહાણ, પુર્વ ચેરમેન નારણ મહેશ્વરી વગેરે ઉપસ્થિત રહયા હતા, કાર્યક્રમનું સંચાલન જગદીશ ભાનુશાલી,વ્યવસ્થા ઓધવબાગ યુવામિત્ર મંડળએ સંભાળી હતી.

# ભુજ તાલુકાના સણોસરા ગામમાં માથાભારે ઈસમનો ત્રાસ ?



ભુજ તા.૧

તાલુકાના સણોસરા ગામે એક માનસિક અસમોતલ ધરાવતો માથાભારે ઈસમ એક પરિવાર વિરૂદ્ધ ખોટી ફરિયાદો કરી ત્રાસ આપતો હોવાની કલેક્ટરને પત્ર લખી રજૂઆત કરાઇ છે.

અરજદાર ભીમા માલા રબારી તથા સણોસરા ગ્રામજનો દ્વારા કલેક્ટરને પાઠવાયેલ પત્રમાં જણાવાયું હતું કે, ગામના માથાભારે શખ્સ આશા સુરા રબારી અમારા પરીવાર ઉપર ખોટી ફરિયાદો કરી તંત્રને ગેરમાર્ગે દોરે છે,સણોસરા ગામમાં સૌ ભાઈચારાથી રહીએ છીએ, અને પશુપાલનનો વ્યવસાય કરી અમારું ગુજરાન ચલાવીએ છીએ પરતું ગામનો માથાભારે શખ્સ આશા સુરા રબારી જે અમારા પરીવાર સાથે અસભ્ય વર્તન કરે છે, અમારા પરીવારના દરેક સભ્યો વિરૂદ્ધ અલગ અલગ રીતે ખોટી ફરિયાદો કરે છે, આ શખ્શની માનસિક સ્થિતિ બરોબર નથી, તેનો કોઈ કામ ધંધો નથી તેથી પોતે હેરાન થાય છે, સાથે સાથે પોતાના નાના નાના ભૂલકા અને દીકરીને પણ હેરાન કરે છે, અલગ અલગ પોલીસ સ્ટેશન, સરકારી કચેરીઓમાં ખોટી ફરિયાદો કરે છે, તેને કાયદાની બીક નથી, અને ગામ માં ભયનું વાતાવરણ ફેલાવે છે તેથી આ સખ્શ સામે કાયદાકીય પગલાં ભરવા માંગ ગ્રામજનો દ્વારા માંગ કરાઈ છે.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# ભુજમા બે દિવસ પાણી કાપ

**અગાઉ જ્યારે પાણીની લાઇન તુટી ત્યારે નગરપાલિકા તંત્ર ગોથે ચડી ગયુ હતુ અને ભુજને ભારે પાણી સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો ત્યારે ફરી બુધવારે ભંગાણ સર્જાતા ભુજમાં પાણી કાપની સ્થિતી ઉભી થઈ છે.**




ભુજ તા.૧

ભુજમાં પાણી સમસ્યા એ કોઇ નવી વાત નથી જો કે તે વચ્ચે ફરી એકવાર ભુજોડી ઓવરબ્રીજ નજીક લાઇનમાં ભંગાણ સર્જાતા પાણી કાપનો સામનો કરવો પડશે.અગાઉ ભુજોડી નજીક મુખ્ય લાઇનમાં ભંગાણ સર્જાતા ભુજમાં પાણીની વિકટ પરિસ્થિતીનુ નિર્માણ થયુ હતુ તેવામાં ફરી નર્મદાની પાણીની કુકમા (નર્મદા સમ્પ) થી આવતી મુખ્ય પાઇપલાઈનમાં ભુજોડી ઓવરબ્રીજ પાસે ભંગાણ સર્જાયુ હતુ જેથી પાણીની લાઈનની મેઈન્ટેનન્સ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. જે પુર્ણ થતા એક બે દિવસ લાગશે ભુજને નર્મદાનું પાણી અન્ય નાની પાઈપલાઈન દ્વારા મેળવવામાં આવે છે. જેથી ભુજ શહેરને મળતું નર્મદાનું પાણી પુરતા પ્રમાણમાં મળી શકશે નહિ. જેના કારણે ભુજ શહેરમાં કરવામાં આવતી પાણીની સપ્લાયમાં એક થી બે દિવસનો વિલંબ થશે.નગર પાલિકાએ શહેરીજનોને પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે.૩૧ તારીખે લાઇનમાં ખામી સર્જાયા બાદ તેને રીપેરીંગ કરવાનુ કામ યુધ્ધના ધોરણે શરૂ કરી દેવાયુ હતુ સાથે અન્ય લાઇન મારફેત પાણીનુ સપ્લાય પણ શરૂ કરાયુ હતુ પરંતુ તે ભુજની જરૂરીયાત માટે પુરતુ ન હોતા બે દિવસ સુધી નિયમીત મળતુ પાણી ભુજને નહી મળે જો કે ગૂરૂવારે લાઇન રાત્રી સુધી સંપુર્ણ રીપેર થાય તેવી આશા નગરપાલિકાએ વ્યક્ત કરી છે જેથી લાઇન એકાદ દિવસમાં ફરી શરૂ થાય તેવી સંભાવના છે પરંતુ તે વચ્ચે બે દિવસ માટે પાલિકાએ લોકોને કરકસર પુર્વક પાણી વાપરવાની અપિલ સાથે પાણી વિતરણ વ્યવસ્થા યોગ્ય કરવા કવાયત હાથ ધરી છે.

# કા રસ્તો સારો કરો કા ટોલ બંધ કરો મુન્દ્રા કોંગ્રેસના વિરોધ સાથે ધરણા

**ગાંધીધામ થી દેશલપર નેશનલ હાઈવે પર પડેલા મોટા ખાડા ની મરામંત કા ટોલ બંધ કરવા માટે રજૂઆત માટે ગયેલા મુન્દ્રા કોંગ્રેસના આગેવાનો તથા અન્ય લોકોએ મોખા ટોલ નાકા પર મોડી સાંજે ધરણા કરી વિરોધ દર્શાવ્યો હતો.**






મુન્દ્રા, તા.૧

કચ્છમાં ચૌમાસા બાદ અનેક જગ્યાએ રસ્તાની હાલત ખરાબ બની છે. જો કે સ્થાનીક રસ્તાઓ તો ઠીક પરંતુ નેશનલ હાઈવે પર પણ રસ્તાની સ્થિતી ખરાબ બનતા હવે જનઆક્રોશ બહાર આવી રહ્યો છે. મુન્દ્રા તાલુકા ના દેશલપર થી ગાંધીધામ સુધી નેશનલ હાઈવે પર હાલ મોટા ખાડા પડી ગયા છે અને ખાડા રાજ નું સામ્રાજ્ય છે ત્યારે ગુરૂવારે મુન્દ્રા કોંગ્રેસ પરિવારે મુન્દ્રા તાલુકાના મોખા ટોલ નાકા સામે સાંજે ધરણા યોજાયા હતા. અને ઉપવાસ આંદોલન ની તૈયારી પણ દર્શાવી હતી. મુન્દ્રા તાલુકા કોંગ્રેસ પ્રમુખ વિરમ ગઢવી એ જણાવ્યું હતું કે મોખા ટોલ નાકા ને રોજની લાખો રૂપિયા ની આવક છે. પણ સર્વિસ રોડ બનાવી આપતી નથી.હાલ દેશલપર થી ગાંધીધામ સુધી માર્ગ માં ઠેર ઠેર મોટા ખાડા પડી ગયા છે અને જીવલેણ અકસ્માતો પણ સર્જાઈ શકે છે.આ બિસ્માર માર્ગો પર થી હજારો વાહનો રોજ પસાર થાય છે અને લાખો રૂપિયાનો મેઈન્ટેનન્સ ખર્ચ ટોલ સ્વરૂપે ચુકવે છે.મુન્દ્રા બારોઇ સુધરાઈના વિપક્ષી નેતા ઈમરાન જત એ જણાવ્યું હતું કે જો રસ્તા નહીં તો ટોલ નહીં અમારી લડત ચાલુ જ રહેશે.આજે વિવિધ આગેવાનો તથા ટ્રાન્સપોર્ટ ધંધાર્થીઓના સમર્થન સાથે મુન્દ્રા શહેર કોંગ્રેસ પ્રમુખ દેવેન્દ્રસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે કોંગ્રેસની હવે લડાઈ આરપાર ની છે અને હવે અમે ખાડારાજ નો સામ્રાજ્ય દૂર કરશું આજે સ્થલ મુલાકાતે મુન્દ્રા કોંગ્રેસ ના પદાધિકારી મોખા ટોલ નાકા થી ખેડોઈ સુધી નિરીક્ષણ માટે ગયા હતા માર્ગ પર મસ મોટા ખાડાઓ અંગે જાત માહિતી મેળવી હતી ખાસ તો ખેડોઈ નજીક તો એટલા મોટા ખાડા ઓ હતા કે વાહનો માંડ માંડ ત્યાથી પસાર થતાં જોવા મળ્યા હતા આ બાબતે જવાબદારો સાથે સંવાદ કરી બેઠકો માટેના પ્રયત્નો નિષ્ફળ ગયા હતા જેથી મોડી સાંજે મુન્દ્રા કોંગ્રેસ દ્વારા મોખા ટોલ નાકા સામે ધરણા કરાયા હતા.મુન્દ્રા તાલુકા કોંગ્રેસ પ્રમુખ વિરમ ગઢવી એ જણાવ્યું હતું કે આ અમારી લડત ને મુન્દ્રા તાલુકા વ્યાવસાયિક એસોસિયેશન એ ટેકો આપ્યો છે અને તેમના ટ્રાન્સપોર્ટરો પણ ધરણા માં જોડાયા હતા.આ લડત માં કોંગ્રેસના ભરત પાતારિયા, ભૂપતસિંહ જાડેજા, અજિતસિંહ જાડેજા, કાનજી સેડા, કાદર તુર્ક, રૂષિરાજસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા જોડાયા હતા.

# ભુજ હાટ માં ૭ ઓગસ્ટ સુધી ચાલનાર રાખી મેળા મહોત્સવનો પ્રારંભ

**ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી નિકુંજ પરીખે પ્રારંભ કરાવ્યો ૭ ઓગસ્ટ સુધી આયોજિત રાખી મેળા મહોત્સવમાં રાખડી સહિત હસ્તકળાની વસ્તુઓની ખરીદી કરવા જાહેરજનતાને અનુરોધ કરાયો ૧૯ થી વધારે સ્ટોલમાં કચ્છી ભરતકામ, અજરખ બ્લોક પ્રિન્ટીંગ,કચ્છી પેચ વર્ક સહિતની વસ્તુઓ રખાશે**




ભુજ, તા.૧

ભુજ હાટ ખાતે ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નિકુંજ પરીખે રિબિન કાપીને રાખી મેળા મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે ભુજ શહેરમાં ભુજ હાટ ખાતે ૧થી ૭ ઓગસ્ટ સુધી રાખી મેળા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનીબેન દવેએ પરીખને આવકારીને તમામ સ્ટોલની વિઝિટ કરાવીને વિસ્તૃત જાણકારી આપી હતી. ભુજ હાટ ખાતે ૭ ઓગસ્ટ સુધી ચાલનારા રાખી મેળા મહોત્સવમાં કચ્છની જાહેરજનતા બપોરના ૧૨ કલાક થી રાત્રિના ૧૦ કલાક સુધી રાખડી સહિત અવનવી હસ્તકળાની ચીજ વસ્તુઓની ખરીદી કરી શકશે. રાખી મેળા મહોત્સવમાં હાથ બનાવટની રાખડી સહિત ભાતીગળ હાથશાળ હસ્તકલાનું પ્રદર્શન સહ વેચાણનું આયોજન કરવામાં આવ્યું છે. ખાસ કરીને મહિલાઓને રોજગારી મળે અને તેઓ પોતાની વસ્તુઓનું વેચાણ કરીને આવક રળી શકે તે માટે આ મેળાનું આયોજન ગુજરાત સરકારશ્રી દ્વારા કરવામાં આવ્યું છે. રાખી મેળા મહોત્સવમાં ભુજ હાટ ખાતે હાથશાળ, હસ્તકલા, માટી કામ, ચર્મકામ, વાંસકામ, પટોળા, બાંધણી, કચ્છી ભરતકામ, અજરખ બ્લોક પ્રિન્ટીંગ, કચ્છી પેચ વર્ક, ટાંગલીયા, મશરૂ, કલમકારી, કાષ્ટકલા અને ટેરાકોટા સહિતની વસ્તુઓ જાહેરજનતાને ઉપલબ્ધ થાય તે માટેના ૧૯થી વધારે સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. નિકુંજ પરીખે વિવિધ સ્ટોલની મુલાકાત લઈને મહિલાઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. સાથે સ્ટોલધારક મહિલાઓને ઓફલાઈન તેમજ ઓનલાઈન વેચાણ કરવા માર્ગદર્શન આપીને સરકાર દ્વારા તમામ સહયોગ આપવામાં આવશે તેવી ખાતરી આપી હતી. અધિકારીએ કચ્છની જાહેરજનતાને રાખડી સહિત હસ્તકલાની વિવિધ વસ્તુઓ માટે ભુજ હાટની મુલાકાત લઈને ખરીદી કરવા માટે અનુરોધ કર્યો હતો.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# અપહરણમાં આશરો આપનાર મુંબઈથી ઝડપાયો




ભુજ તા.૧

રાપર પોલીસ મથકે દાખલ થયેલા કિશોરીના અપહરણના કિસ્સામાં પોલીસે છેક મુંબઈ સુધી કાર્યવાહી કરી છે. અને પુર્વ કચ્છ લોકલ ક્રાઇમ બ્રાન્ચે રાપરમા દાખલ થયેલ સગીરાના અપહરણના કિસ્સામાં આરોપીને આશરો આપનાર વ્યક્તિની મુંબઇથી ધરપકડ કરી છે દોઢ વર્ષથી મહેન્દ્ર ગણેશા અમરોત (પટેલ) દ્વારા આશરો અપાયો હતો જે જાણકારી આધારે પોલીસની ટીમ ત્યા પહોંચી હતી અને આરોપીની ધરપકડ કરી હતી. આ કામગીરીમા લોકલ ક્રાઇમ બ્રાન્ચના ચુડાસમા સહિત સ્ટાફ જોડાયો હતો વધુ તપાસ માટે આરોપીને હ્યુમન ટ્રાફીકીંગ પોલીસ ગાંધીધામને સોંપવામા આવ્યો છે. મુળ રાપરના નાની રવનો મહેન્દ્ર પટેલ રાપરથી સગીરાને ભગાડી જનારને આશરો આપ્યો હતો ત્યારે લોકલ ક્રાઇમ બ્રાન્ચે બાતમી આધારે મુંબઇના નવી મુંબઇ વિકાસ મેડીકલ પાસેના રાયગળ વિસ્તારના ફ્લેટમાં આશરો આપનારને પકડી પાડ્યો હતો. આરોપી નવી મુંબઇમાં રહે છે.

# ઝુરામાંથી ડિગ્રી વગરના ડોક્ટરની પોલીસે દવા કરી

**અન્યના સર્ટીફીકેટ પર ચાલતો મેડીકલ સ્ટોર પણ ધ્યાને આવતા જવાબદાર તંત્રને જાણ કરાઈ લોકોના આરોગ્ય સાથે ચેડા સમાન કિસ્સામાં હજુ ઉંડી તપાસ કરાય તો આવા અનેક કિસ્સાઓ ખુલે**



ભુજ તા.૧

ભુજ લોકોલ ક્રાઇમ બ્રાન્ચે બોગસ ડોક્ટરની દવા કરી છે. બાતમી આધારે પોલીસે ઝુરા ગામે આરોગ્ય વિભાગને સાથે રાખી કરેલી કામગીરી માં ગામમાં એલોપેથી સારવાર તથા ઇન્જેકશન આપવા સહિતની મેડીકલી સારવાર કરતા બોગસ ડોક્ટર કાર્યવાહી દરમ્યાન વિવિધ મુદ્દામાલ સાથે પકડાઇ ગયો હતો બનાવની વિગતે વાત કરીએ તો પશ્ચિમ કચ્છમાં કોઈપણ જાતની ડિગ્રી વગર કે બનાવટી ડિગ્રી આધારે ક્લીનીક, દવાખાનાઓ ખોલી લોકોના જીંદગી સાથે ચેડા કરતા નકલી ડોક્ટર-ોને શોધી કાઢી રેઈડ કરવા માટે અપાયેલી સુચના અનુસંધાને લોકલ ક્રાઇમ બ્રાન્ચ પશ્ચિમ કચ્છ ભુજના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એન. ચુડાસમા તથા સબ ઈન્સ્પેક્ટર ટી.બી.રબારીએ લોકલ ક્રાઇમ બ્રાન્ચ માણસોની ટીમને કામે લગાડી ડિગ્રી વગરના ડોક્ટર બની ક્લિનીક ચલાવતા ઇસમોને શોધી કાઢવા સૂચના અને માર્ગદર્શન આપતા એ.એસ.આઇ. જયદિપસિંહ ઝાલા,બલભદ્રસિંહ રાણા, સંજય કુમાર ગઢવી, હેડ કોન્સટેબલ વિરેન્દ્રસિંહ જાડેજા, સુરજ વેગડા, મયુરધ્વજસિંહ જાડેજા નવિનકુમાર જોષી, શક્તિસિંહ ગઢવી, રાજેન્દ્રસિંહ રાઠોડ, મહીપાલસિંહ પુરોહીત, મહીલા પોલીસ કોન્સટેબલ રાજીબેન મકવાણા, વર્ષાબેન ગાગલ લોકલ ક્રાઇમ બ્રાન્ચ ભુજની ઓફીસમાં આ કાર્ય માટે હાજર હતા, તે દરમ્યાન પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ રાઠોડને ખાનગી રાહે બાતમી મળેલ કે, ભુજ તાલુકાના ઝુરા ગામે હાસમશા હયાતશા સૈયદ (રહે ઝુરા તા.ભુજ) સૈયદ ક્લીનીક નામનું દવાખાનું ચલાવી રહ્યો છે, જેની પાસે કોઈ પણ સરકાર માન્ય ડોકટર ની ડીગ્રી ન હોવા છતાં ઝુરા તથા આજુબાજુ વિસ્તારના દર્દીઓને એલોપેથિક દવાઓ તથા ઈજેકશન આપે છે.જે બાતમી આધારે જીલ્લા આરોગ્ય અધિકારીને સાથે રાખી બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતા આ ઇસમ મળી આવેલ તેઓને તાલુકા હેલ્થ ઓફીસર કેશવકુમાર તથા પંચો રૂબરૂ આ દવાખાનુ ચલાવવા તથા એલોપેથિક દવાઓ તથા ઈજેકશનો દર્દીઓને આપવા માટે કોઇ માન્ય ડીગ્રી કે સર્ટી હોવાનું પૂછતા પોતાની પાસે કોઇ માન્ય સર્ટી કે ડીગ્રી નહી હોવાનું કબુલ્યું હતું જેથી તેની વિરૂધ્ધ માધાપર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી, તેમજ તેનો પીતરાઇ ભાઇ હબીબશા અબ્દુલ રસુલશા શૈયદ, કોઈ ભરત રમણલાલ પટેલના નામના મેડીકલ સર્ટીફીકેટનો ઉપયોગ કરી મેડીકલ સ્ટોર ચલાવતો હતો, જેથી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરાતાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા તેના વિરૂધ્ધ બીજાના નામનું સર્ટીફીકેટ ઉપયોગ કરી મેડીકલ સ્ટોર ચાલાવતો હોવાથી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પુર્વ કચ્છમાં સમયાતરે પોલીસ દ્વારા આવી કાર્યવાહી થતી હોય છે ત્યારે હવે પશ્ચિમ કચ્છમાં પણ પોલીસ સક્રિય થઇ આવા બોગસ ડોક્ટરોની દવા માટે મેદાને ઉતરી છે. જોકે આ કાર્યવાહી પાશેરામાં પુણી સમાન છે, જો તંત્ર ગંભીરતાથી શોધે તો કચ્છમાં આવા સેંકડો દવાખાના અને મેડિકલ સ્ટોર મળી આવે તેમ છે, તાલુકા આરોગ્ય અધિકારીઓની 'નિષ્ક્રિયતા' આ માટે જવાબદાર હોવાનું સુત્રો નું કહેવું છે.જો કે ઝુરામા આ કેટલા સમયથી ચાલતુ હતુ અને સ્થાનીક આરોગ્ય વિભાગના ધ્યાનમાં આવી તમામ બાબતો કેમ ન આવી તે પ્રશ્નન છે. કેમકે હાલમાં ચાંદીપુરા સામે ઘરોઘરો આરોગ્ય વિભાગ દ્વારા સર્વે તથા અન્ય કામગીરી કરાઇ રહી છે ત્યારે આવી ગંભીર બાબતો ધ્યાને ન આવે તે નવાઇ પમાડે તેવી બાબત છે. જો કે હાલ બોગસ ડોક્ટર પોલીસની ગીરફ્તમા છે

# નલીયામાં ૧૪ બોટલ દારૂ પકડાયો : આરોપી ન મળ્યા



નલીયા તા.૧

નલીયા વિસ્તારમાં નલીયા પોલીસે ૧૪ બોટલ દારૂ પકડી પાડ્યો હતો જોકે કોઈ આરોપી હાજર મળ્યા ન હતા. પ્રોહિબિશનના ગુનાઓને શોધી કાઢવા નલીયા પોલીસ સ્ટાફના કર્મચારીઓ હેડ કોન્સ બળભદ્રસિંહ ગોહિલ, કોન્સ. ચેતનસિંહ વાઘેલા, જયેશકુમાર બાંભવા, ડ્રાઈવર કોન્સ રાજેશ ગઢવી નલીયા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળેલ કે, જયપાલસિંહ ઉર્ફે ગટ્ટુ કિશોરસિંહ રાઠોડ અને રવિરાજસિંહ મુરૂભા બારાચ (રહે બન્ને નલીયા) ગામમાં વિદેશી દારૂનું વેચાણ કરે છે અને તેના કબ્જાના વાડામાં દારુ રાખેલ છે તે આધારે તપાસ કરતા દારૂની ૧૪ બોટલ કિં.રૂ.૫૨૫૦ મળી આવેલ, જોકે પોલીસને આર-ોપી હાજર મળ્યા ન હતા, આ બાબતે હાજર નહી મળેલા ઈસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# કેબલ વાયર ચોરોને શોધી કાઢી મુદ્દામાલ રીકવર કરતી વાયોર પોલીસ



ભુજ તા.૧

મિલકત સબંધી નોંધાયેલ અનડિટેક્ટ ગુન્હાઓનું શોધન કરવા અનુસંધાને વાયોર પોલીસ મથકે નોંધાયેલા પાંચ પવનચક્કીઓમાં કોપર વાયર ચોરી અંગે પો. સબ ઈન્સ્પેક્ટર આઈ.આર.ગોહિલ તથા એ.એસ.આઈ રવિન્દ્રસિંહ સોઢા, હેડ કોન્સ.અનકભાઈ, કૉન્સ.વિક્રમ ચૌધરી, ભરત ચૌધરી, તથા ઓમદેવસિંહ રાણા સ્ટાફના માણસો કાર્યરત હતા. તે દરમ્યાન હ્યુમન સોર્સથી મળેલ બાતમી આધારે બે વણશોધાયેલ ગુના શોધી આરોપીઓ સદામ જુમા લુહાર (રહે.ઉકીર), પચાણ દેવા મારવાડા (રહે.ઉકીર) અને અબ્દુલમજીદ ઉર્ફે અભલુ ઈસ્માઈલ સુમરા (રહે. વાગોઠ) પાસેથી ચોરીમાં ગયેલ કોપર કેબલ, કેબલ કાપવાની પકડ નંગ-૨, રબર કાપવાના બ્લેડ કટર નંગ-૮, ચોરીના મુદ્દામાલ હેરફેર કરવામાં ઉપયોગમાં લીધેલ બે મોટર સાયકલ હસ્તગત કરી વધુ ચોરીઓ કરેલ છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરી છે.

## ગુજરાતમાં વરસાદની આગાહી

હવામાન વિભાગ દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત આગામી પાંચ દિવસની આગાહી કરતા હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતના અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. એક સિસ્ટમ સક્રિય થતા આવતીકાલથી વરસાદનું જોર વધશે. દક્ષિણ ગુજરાત સહિત સૌરાષ્ટ્રના ભાગોમાં પણ ભારે વરસાદની શક્યતા છે. આ સાથે ગુજરાત રાજ્યમાં વધુ એક સિસ્ટમનું જોર વધી રહ્યું છે

# મુસ્લિમ એજ્યુકેશન શૈક્ષણિક સંકુલમાં સાયબર અવેરનેસ સેમિનાર યોજાયો




ભુજ તા.૧

પશ્ચિમ કચ્છના પોલીસ વડાઓ દ્વારા સાયબર ક્રાઈમના ગુન્હા અટ-કાવવા બાબતે સાયબર અવેરનેસ પ્રોગ્રામ કરવા માટે આપેલ સુચના અને માર્ગદર્શન મુજબ

સાયબર ક્રાઈમ સેલ,લોકલ ક્રાઈમ બ્રાન્ચ નોડલ અધિકારી અને પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એન.ચુડાસમાના માર્ગદર્શન હેઠળ પોલીસ કોન્સ્ટેબલ કલ્પેશ ચૌધરી તથા પરબત ચૌધરી દ્વારા આજે સાયબર ક્રાઈમ સેલ દ્વારા તર-ફથી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી કચ્છ ભુજ સંચાલિત શૈક્ષણિક સંકુલ ખાતે સંકુલના આચાર્ય યુસુફખાન ટાંક,સાયબર વોલેન્ટીયર મહોમ્મદ હુશેન બાયડ ના સહયોગથી "ઝઅહ્રૌી ૈૌઢ્રી ફ્હદ્દઁ ઝઅહ્રૌીજીર્ૈઅિ" વિષય પર લોકજાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આશરે ૭૫૦ જેટલા વિદ્યાર્થીઓ તથા ૨૫ જેટલા સંકુલના શિક્ષકગણને સાયબર ક્રાઈમ શું છે, ક્યા ક્યા પ્રકારના સાયબર ક્રાઈમ બને છે, તેમજ ડીજીટલ ફુટ પ્રિન્ટ, સાયબર સીક્યુરીટી અને સાયબર સેફટી શું છે, અને સાયબર ક્રાઈમ થી બચવા માટે શું સાવધાની રાખવી તથા સાયબર ક્રાઈમનો બનાવ બને તો કઈ જગ્યાએ ફરીયાદ કરવી, ફરીયાદ લખાવતી વખતે ક્યા ક્યા ડોક્યુમેન્ટસ સાથે રાખવા આ તમામ મુદ્દાઓની વિગતવાર સમજણ સાથે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

### આ સાવચેતી રાખવી જરૂરી

- ★ કોઇપણ બેંક/મોબાઇલ કંપની માંથી ફોન કોલ આવે તો કોઇપણ જાતના બેંક અકાઉન્ટ તથા OTP ની માહીતી શેર કરવી નહી
- ★ કોઇ અજાણ્યા મોબાઇલ નંબરથી ફોન આવેથી મોબાઇલમાં કોઇપણ એપ્લીકેશન (El.Team Viewer. Any Desk) ડાઉનલોડ કે ઇન્સ્ટોલ કરવી નહી.
- ★ અજાણી સ્ત્રીના ફોટાવાળી ફેસબુકમાં ફ્રેન્ડ રીકવેસ્ટ એક્સેપ્ટ કરવી નહી.
- ★ કોઇપણ ચીજવસ્તુની ઓનલાઇન ખરીદી વખતે ઓફીસીયલ વેબસાઇટની ખરાઇ કરીને જ ખરીદી કરવી.
- ★ સસ્તા સોનાના નામે ઇન્ડીયા માર્ટમાં જાહેરાત આવે તો લાલચમાં આવવું નહી.
- ★ અજાણ્યા મોબાઇલ નંબર પરથી આવેલ કોઇપણ જાતની લીંક ઓપન કરવી નહી.
- ★ જ્યારે કોઇપણ મિત્ર તેના ફેસબુક મેસેન્જર દ્વારા રૂપીયાની માંગણી કરે તો તે મિત્રની ઓળખ કરી તેના મોબાઇલ નંબર પર તેની ખરાઇ કરવી.

# બળાત્કાર, અપહરણ જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલો કુનરિયાનો નરાધમ ઝડપાયો




ગાંધીધામ તા.૧

તાજેતરમાં જ આદિપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ બળાત્કાર/અપહરણના ગુનાની ઝીણવટભરી રીતે તપાસ કરી પુરાવાઓ મેળવી આ ગુનામાં સંડોવાયેલ આરોપીને શોધી કાઢી આદીપુર પોલીસે કુનરિયામાંથી શોધી ઝડપી પાડયો હતો. આ બનાવને લઇને સમાજમાં કોઈ પ્રત્યઘાત ન પડે તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે અંગે પોલીસ દ્વારા ગુનાની ગંભીરતા ધ્યાને લઈ સતત પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું હતું, આદીપુર પોલીસ સબ ઈન્સ. બી.જી.ડાંગર દ્વારા આરોપી વિરૂધ્ધ સત્વરે જરૂરી પુરાવાઓ એકત્રિત કરી આરોપીને શોધી કાઢવા માટે આદિપુર પોલીસ સ્ટેશનમાંથી અલગ-અલગ ટીમો બનાવી હ્યુમન સોર્સીસ તથા ટેનિકલ સર્વેલન્સ આધારે માહિતી એકત્રિત કરી એક પોલીસ ટીમને આરોપીના વતન કુનરીયા તા.ભુજ ખાતે તપાસમાં મોકલી હતી, ત્યાં આરોપી સોયબ કાસમ સુમરા, ઉ.વ.૨૨(રહે. કુનરીયા), ને શોધી કાઢી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આદીપુર પોલીસ મથકે નોંધાયેલા આ ગુનાની વિગત એવી છે કે, આરોપીએ પોતાના મોબાઇલ ફોનથી ઈન્સ્ટાગ્રામના માધ્યમથી ભોગ બનનારને ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી ઈન્સ્ટાગ્રામ પર ફ્રેન્ડ બનાવી ભોગ બનનાર સાથે મેસેન્જર, વિડીયોકોલ તેમજ વોટસએપ કોલ કરી મીઠી મીઠી વાતો કરી ભોગ બનનારને વિશ્વાસમાં લઈ આ ગુન્હાહિત કૃત્યને અંજામ આપ્યો હતો. આ કામગીરી આદિપુર પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી.જી.ડાંગર તથા આદિપુર પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટ અગ્નિકાંડમાં બે પૂર્વ મ્યુનિસિપલ કમિશનરને ક્લિનચીટ

**હાઈકોર્ટના નિર્દેશથી રાજ્ય સરકાર દ્વારા ત્રણ સભ્યોની સત્ય શોધક કમિટી બનાવવામાં આવી હતી. આ કમિટીએ તેના રિપોર્ટમાં બે પૂર્વ મ્યુનિસિપલ કમિશનરને ક્લિન ચીટ મળતા કોંગ્રેસે સત્ય શોધક કમીટીના રિપોર્ટ સામે ઉઠાવ્યા સવાલ, કમિટીને ગણાવી 'સત્ય છુપાવનારી કમિટી'હાલ અમીત અરોરા કચ્છમાં કલેકટર તરીકે કાર્યરત છે**

રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડને લઈને મોટી માહિતી સામે આવી છે. હાઈકોર્ટના નિર્દેશથી રાજ્ય સરકાર દ્વારા ત્રણ સભ્યોની સત્ય શોધક કમિટી બનાવવામાં આવી હતી.આ કમિટી એ તેના રિપોર્ટમાં બે પૂર્વ મ્યુનિસિપલ કમિશનરને ક્લિન ચીટ આપી હતી જો કે તે મામલે અનેક તર્ક વિતર્ક સર્જાયા છે.જેમને ક્લિન ચીટ મળી છે તે બે પૈકીના એક અમિત અરોરાનો સમાવેશ થાય છે. જેમના કાર્યકાળ દરમિયાન જ ગેમઝોનનું કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યુ હતુ. જ્યારે બીજા અધિકારી છે અનંત પટેલ જેમના કાર્યકાળ દરમિયાન જ રાજકોટમાં આ ૨૫મી મેના રોજ આ ગોઝારો અગ્નિકાંડ સર્જાયો હતો.આ બંને અધિકારીઓની કામગીરી, અગ્નિકાંડની ઘટનામાં તેમની ભૂમિકા અંગેની સત્યશોધક કમિટી દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. પરંતુ આ બંને મ્યુનિસિપલ કમિશનરને તપાસ સમિતિ દ્વારા ક્લિનચીટ આપવામાં આવી છે.આ કમિટીના રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે કે મહાનગરપાલિકાની હદમાં આવતા ગેરકાયદે બાંધકામને તોડી પાડવાની સત્તા ટીપીઓની હોય છે.બાંધકામને લગતા કોઈપણ પ્રકારના નિંણયની સીધી જવાબદારી ટીપીઓની આવે છે અને મ્યુનિસિપલ કમિશનરની સીધી કોઈ જવાબદારી આવતી નથી. આથી રાજકોટ ગેમઝોનના અગ્નિકાંડમાં પૂર્વ મ્યુનિસિપલ કમિશન અમિત અરોરા અને તત્કાલિન મ્યુ.કમિશનર અનંત પટેલને ક્લિનચીટ આપી દેવામાં આવી છે. આ અધિકારીઓનો ગેમઝોનમાં બર્થ ડે પાર્ટીની ઉજવણી કરવા ગયા હોવાની વાત સામે આવી હતી, તેના ફોટો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા.આ મુદ્દે પણ તમામ અધિકારીઓને ક્લિનચીટ આપી દેવામાં આવી છે. તેમા કમિટી દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જ્યારે પણ કોઈ વ્યક્તિ બર્થ ડે પાર્ટીમાં કે કોઈપણ પ્રકારની ઉજવણીમાં જતુ હોય ત્યારે આ બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદે છે, તે પ્રકારની કોઈ નજર હોતી નથી, આ જ કારણોસર અગ્નિકાંડમાં તેમની કોઈ સીધી જવાબદારી નથી. હાલ સત્યશોધક કમિટી એ તેનો રિપોર્ટ હાઈકોર્ટ સમક્ષ સબમિટ કર્યો છે. ત્યારે આગામી દિવસોમાં હાઈકોર્ટમાં આ અંગે સુનાવણી હાથ ધરાશે. ત્યારે કોર્ટનું વલણ આ રિપોર્ટ પરત્વે ક્યા પ્રકારનું રહેશે તે જોવાનુ મહત્વપૂર્ણ રહેશે. આ સમગ્ર મામલે હાલ કોંગ્રેસના નેતા મહેશ રાજપૂતે સત્યશોધક કમિટી ના રિપોર્ટ સામે સવાલ ઉઠાવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો કે ગેમઝોનની તપાસમા આ કમિટીનો કોઈ રોલ જ નથી માત્ર એકવાર રાજકોટ આવી અને રવાના થઈ ગયા હતા. કોંગ્રેસ સત્યશોધક કમિટી ને સત્ય છુપાવનારી કમિટી ગણાવી. મહેશ રાજપૂતે જણાવ્યુ કે આવડી મોટી મહાનગરપાલિકાના કમિશનરને શું જાણ ના હોય કે આ ગેમઝોનનું લાઈસન્સ યોગ્ય છે કે નહીં?